RNI No.: GUJGUJ/2014/59295

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

*Volume : 6 * Issue No. 240* Date: 27.06.2020 * Saturday *Page :04 *Rs. 1.00/- *Annual Rs. 351/-


### દેશમાં કોરોનાના કુલ કેસ પાંચ લાખની નજીક,૫ દિવસમાં અધધધ...૮૦ હજાર દર્દી વધ્યા

# કોરોનાનો આતંકઃ ૨૪ કલાકમાં ૧૮,૦૦૦ પોઝિટિવ કેસ,૪૦૭ના મોત

### કોરોનાથી થયેલા મૃત્યુનો આંકડો ૧૫,૦૦૦ને પાર, વિશ્વના કોરોના પ્રભાવિત દેશોમાં ભારત ચોથા ક્રમે, એશિયામાં પ્રથમ,મહારાષ્ટ્રમાં જીમ અને સલૂન ખુલશે

*ન્યુ દિલ્હી,તા.૨૬*

ભારતમાં કોરોના મહામારીના કેસો સતત વધતાં રેલવે દ્વારા હવે ઓગસ્ટથી સામાન્ય રેલ સેવા શરૂ કરવાનો નિર્ણય લેવાયો છે ત્યારે કોરોના વાઈરસ બ્રેક વગરની ગાડી હોય અને જાણે રોકાતી ન હોય તેમ કેસો સતત વધી રહ્યાં છે. જેમાં એક જ દિવસમાં અત્યારસુધીમાં સૌથી વધુ ૧૮ હજાર કરતાં વધુ કેસો નોંધાયા હતા. એક તરફ કેસો વધી રહ્યાં તો બીજી તરફ જ્યાં સૌથી વધુ કેસો બહાર આવે છે એ મહારાષ્ટ્રમાં ૨૮ જૂનથી જીમ અને બ્યુટી પાર્લર સલૂન ખોલવાની જાહેરાતથી સંક્રમણ વધવાની શક્યતા નિહાળવામાં આવી રહી છે. જો કે સિનેમા હોલ અને શાળા-કોલેજો માટે હજુ આખા દેશમાં કોઈ નિર્ણય લેવાયો નથી. આ ઉપરાંત ૧ જુલાઈથી અનલોક-૨માં વધારે છૂટછાટ આપવામાં આવશે ત્યારે જો લોકો સાવધાની નહીં રાખે તો કેસો વધી શકે તેમ છે. જો કે, આ બધા હોવા છતાં, કેન્દ્ર સરકારે એ કહેવાનું ચાલુ રાખ્યું છે કે ભારતમાં કોરોનાનો ખતરનાક તબક્કે કોમ્યુનિટી(સમુદાય) ટ્રાન્સમિશન હજુ સુધી થયું નથી.આરોગ્ય વિભાગના સૂત્રોએ કહ્યું કે, દેશમાં આજે શુક્રવારે સવારે ૮ વાગે પૂરા થયેલા છેલ્લા ૨૪ કલાકમાં કોરોના વાયરસના રેકોર્ડબ્રેક સમાન ૧૮,૧૯૪ નવા કેસ સામે આવ્યા હતા. અને ૪૦૭ લોકોના મોત થઈ ગયા છે. કેસનો કુલ આંકડો હવે ૪.૯૧ લાખ પર પહોંચી ગયો છે. અને જે રીતે રોજ ૧૫ હજારની આસપાસ કેસો આવી રહ્યાં છે તે જોતાં આવતીકાલે કોરોનાના કેસો ૫ લાખને પાર થઈ જશે. આ સાથે જદ છેલ્લાં ૫ દિવસમાં અંદાજે ૮૦ હજાર દર્દી વધ્યા, જેમાંથી ૫૦ હજાર માત્ર દિલ્હી, મહારાષ્ટ્ર અને તમિલનાડુમાંથી નોંધાયા છે.



આ સાથે જ દેશમાં અત્યાર સુધી કોરોના સંક્રમિત લોકોની સંખ્યા વધીને ૪,૯૧,૧૩૬ થઈ ગઈ છે.

જ્યારે આરોગ્ય મંત્રાલયના જણાવ્યા મુજબ, દેશમાં કોરોનાને કારણે અત્યાર સુધી ૧૫,૩૦૧ લોકોના મોત થયા છે. જેમાંથી ૨,૮૫,૬૩૭ લોકો સાજા થઈ ગયા છે જ્યારે ૧,૮૯,૪૬૩ એક્ટિવ કેસ છે.દેશમાં અત્યાર સુધીમાં ૭૭,૭૬,૨૨૮ લોકોના કોરોનાના ટેસ્ટ કરાયા છે. ૨૪ કલાકમાં ૨,૧૫,૪૪૬ લોકોના ટેસ્ટ કરાયા હતા. જે સૌથી વધારે છે. મહારાષ્ટ્રમાં ગુરુવારે ૪,૮૪૧ કેસ સામે આવ્યા હતા આ સાથે જ રાજયમાં કુલ કેસનો આંકડો ૧,૪૭,૭૪૧ પર પહોંચી ગયો છે. દિલ્હીમાં કોરોનાના કેસની સંખ્યા ૭૦ હજારને પાર થઈ ગઈ છે.

કોરોના વાયરસના વધતા કેસના કારણે ૧૨ ઓગસ્ટ સુધી સામાન્ય રેલ સેવાઓ બંધ રાખવાનો નિર્ણય લેવાયો છે. જ્યાં સૌથી વધુ કેસ છે તે મહારાષ્ટ્રમાં ૨૮ જૂનથી સલૂન બ્યુટી પાર્લર ખોલવામાં આવશે.

દેશમાં કોરોના સંક્રમિતોની સંખ્યા ૪ લાખ ૯૧ હજાર ૧૭૦ થઈ ગઈ છે. દેશમાં છેલ્લા પાંચ દિવસમાં ૮૦ હજાર દર્દી વધ્યા હતા. જેમાંથી માત્ર દિલ્હી, મહારાષ્ટ્ર અને તમિલનાડુમાં ૫૦૭૦૧ પોઝિટિવ મળ્યા હતા. આ સંખ્યા ૭૦% વધારે છે. મહારાષ્ટ્રમાં છેલ્લા પાંચ દિવસમાં ૧૯૫૩૬, દિલ્હીમાં ૧૭૩૦૪ અને તમિલનાડુમાં ૧૪૧૩૧ સંક્રમિત મળી આવ્યા હતા.

ગુરુવારે એક દિવસમાં સૌથી વધુ ૧૮ હજાર ૧૮૩ સંક્રમિત વધ્યા અને ૧૩ હજારથી વધુ સાજા થયા હતા. મહારાષ્ટ્રમાં પણ રેકોર્ડ ૪૮૪૧ પોઝિટિવ મળ્યા હતા. હવે અહીંયા ૧.૪૭ લાખથી વધારે દર્દી થયા છે. મહારાષ્ટ્રમાં કોરોનાથી ૬૯૩૧ લોકોએ જીવ ગુમાવ્યા છે, ડેથ રેટ ૪.૬૯% છે. મુંબઈમાં ૧૧૭ ફાયરકર્મી સંક્રમિત થયા છે. પૂણેના પિંપરી ચિંચવાડમાં મહિનાભરમાં કોરોનાના ૭૦૦% કેસ વધી ગયા છે.

મુંબઈમાં ગુરુવારે કોરોનાના કારણે થયેલા મૃત્યુનો આંકડો ૪૦૦૦ને પાર કરીને ૪,૦૬૨ પર પહોંચ્યો છે. શહેરમાં વાયરસના કારણે થતા મોતની ટકાવારી સૌથી ઊંચી ૫.૭૩% છે જ્યારે મહારાષ્ટ્રની ૪.૬૯% છે. દિલ્હી પછી મુંબઈ બીજુ શહેર બન્યું છે જેણે દેશમાં કોરોના વાયરસના કેસનો આંકડો ૭૦,૦૦૦ને પાર કરી લીધો છે. અહીં કોરોનાના કુલ કેસનો આંકડો ૭૦,૮૭૮ થયો છે.

ભારતમાં લોકડાઉનને કારણે પાકિસ્તાનમાં ફસાયેલા લોકો ભારત પહોંચવા લગ્યા છે. ગુરૂવારે પહેલા તબક્કામાં ૨૦૪ નાગરિકોને વાઘા બોર્ડરપરથી ભારત લાવવામા આવ્યા હતા. આ સૌ લોકોને ૧૪ દિવસ ક્વોરેન્ટીન સેન્ટરમાં રાખવામા આવશે. વિદેશ મંત્રાલયના જણાવ્યા પ્રમાણે પહેલા તબક્કા માટે ૨૫૦ લોકોએ રજીસ્ટ્રેશન કરાવ્યું હતું પરંતુ ૪૬ લોકો આવ્યા નથી.

### વડાપ્રધાને યૂપીમાં રોજગાર અભિયાનની શરુઆત કરી,સવા કરોડ શ્રમિકોને મળશે રોજગાર

# કોરોનાની એકમાત્ર દવા બે ગજની દૂરી છેઃ મોદી

ન્યુ દિલ્હી,તા.૨૬

વડાપ્રધાન મોદીએ શુક્રવારે યૂપીમાં આત્મનિર્ભર ભારત અભિયાનની શરૂઆત કરી છે. જેના આધારે સવા કરોડ લોકોને રોજગાર મળશે. પીએમએ કહ્યું કે દેશને આત્મનિર્ભર બનાવવા માટે યૂપી સરકારનું આ પગલું મહત્વનું છે. કોરોના સંકટ અને લોકડાઉનને કારણે લાખો કામદારો તેમના ઘરે પાછા ફર્યા છે. હવે ઉત્તર પ્રદેશ સરકાર વતી રાજ્યમાં પાછા ફરેલા કામદારોને કામ આપવામાં આવી રહ્યું છે. શુક્રવારે વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ યુપી સરકારની ‘સ્વ રોજગાર યુપી રોજગાર અભિયાન‘ શરૂ કર્યું હતું. રાજ્ય સરકાર દાવો કરે છે કે આ યોજના હેઠળ લગભગ ૧.૨૫ કરોડ મજૂરોને રોજગાર મળશે.

વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ તેમના સંબોધનમાં કહ્યું હતું કે આપણે આપણા જીવનમાં ઉતાર-ચઢાવ જોયા છે, સામાજિક જીવનમાં અનેક પ્રકારની મુશ્કેલીઓ આવે છે. કોઈએ વિચાર્યું પણ ન હતું કે આટલું મોટું સંકટ આખા વિશ્વ પર એક સાથે આવશે, આવા સંકટ જેમાં લોકો ઈચ્છે તો પણ મદદ કરવામાં અસમર્થ છે. પીએમ મોદીએ કહ્યું કે અમને ખબર નથી કે આ રોગમાંથી ક્યારે મુક્તિ મળશે, તેની એકમાત્ર દવા બે ગજની દૂરી છે. દરમિયાન, અમારી સરકારે ગરીબ કલ્યાણ રોજગાર અભિયાન



શરૂ કર્યું છે, આ અંતર્ગત યુપીના સ્વાવલંબન અભિયાન ચાલુ છે. પીએમએ કહ્યું કે યોગીજીએ આપત્તિને તકમાં પરિવર્તિત કરી છે, તેનાથી લોકોને ઘણો ફાયદો થશે.

પીએમ મોદીએ પોતાના સંબોધનમાં કહ્યું કે કટોકટી દરમિયાન જે હિંમત કરે છે તેને સફળતા મળે જ છે. આજે જ્યારે વિશ્વ કોરોનાના સંકટનો સામનો કરી રહ્યું છે ત્યારે યુપીએ તેમાં હિંમત દર્શાવી છે, તે વખાણવામાં આવી રહી છે. આપણે યોગી સરકારની અનુગામી પેઢીઓને યાદ રાખશે. પીએમ મોદીએ કહ્યું કે યુપી પર ધ્યાન કેન્દ્રિત કરવું પણ મહત્વપૂર્ણ છે કારણ કે યુપી ઘણા દેશો કરતા મોટું છે.

પીએમ મોદીએ તેમના ભાષણમાં કહ્યું કે જ્યારે સીએમ યોગીના પિતાનું અવસાન થયું ત્યારે તેઓ તેમના પરિવાર પાસે ગયા ન હતા, પરંતુ રાજયની સેવામાં રોકાયેલા રહ્યા હતા. યુપીમાં આજે ૬૦ હજાર મોનિટરિંગ કમિટી બનાવવામાં આવી છે જેથી લોકો સાથે મળીને કામ કરી શકે. વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ કહ્યું કે આજે યુપી સરકારે લાખો શ્રમિકોને પૈસા આપ્યા છે, મહિલાઓના ખાતામાં પૈસા મોકલ્યા છે.પીએમ મોદીએ અભિયાનના લોન્ચ સમયે કેટલાક શ્રમિકો સાથે પણ વાત કરી હતી. આ કાર્યક્રમમાં ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે કહ્યું કે પીએમ મોદીએ કોરોના સંકટમાં દેશને એક મંત્ર આપ્યો. હવે જે યોજનાઓ કામદારો અને કામદારોને આગળ વધવા માર્ગદર્શન આપી હતી, હવે રોજગારને પ્રોત્સાહન આપવામાં આવી રહ્યું છે.

# સરહદે ચીન સાથે તણાવ વચ્ચે લેહમાં ભારતીય સેના-વાયુસેનાનો સંયુક્ત યુદ્ધાભ્યાસ

લદ્દાખ,તા.૨૬

ચીન સાથે સરહદે ચાલી રહેલી ભયંકર તંગદીલી વચ્ચે ભારતીય સેના અને ભારતીય વાયુસેનાએ લેહમાં સંયુક્ત યુદ્ધાભ્યાસ હાથ ધર્યો હતો. આ યુદ્ધાભ્યાસમાં ફાઈટર જેટ્સ અને ટ્રંસપોર્ટ વિમાનોને શામેલ કરવામાં આવ્હા છે. યુદ્ધાભ્યાસનો હેતુ બંને સેનાઓ વચ્ચે તાલમેલ વધારવાનો હતો. આ યુદ્ધાભ્યાસમાં સુખોઈ ફાઈટર જેટ્સ અને અમેરિકા પાસેથી ખરીદવામાં આવેલા દુનિયાના સૌથી અધ્યતન એવા ચિનૂક હેલિકોપ્ટર શામેલ કરવામાં આવ્યા હતાં.

ભારતીય સેના ચીન સાથેના વર્તમાન ગતિરોધના કારણે લાઈન ઓફ એક્ચ્યુલ કંટ્રોલ (LAC) પર રક્ષા કવચને લઈ સહેજ પણ બાંધછોડ કરવા માંગતી નથી. વર્તમાનમાં ગલવાન ખીણ, પૈંગોગ લેક અને દૌલત બેગ ઓલ્ડી વિસ્તારમાં ચીની સૈન્યની હાજરી અગાઉ જેવી જ છે. જેથી ભારત કોઈ પણ સ્તરે પોતાની તૈનાતી ઓછી કરવા કે તેમાં કચાસ રાખવા નથી માંગતુ.

લદ્દાખના લેહ વિસ્તારમાં ભારતીય સેના અને વાયુ સેનાના મોટો યુદ્ધાભ્યાસમાં ભારતીય સેનાના સુખોઇ-૩૦ એમકેઆઇ અત્યાધુનિક લડાકુ વિમાન ભાગ લઇ રહ્યા છે. સાથે જ સેનાની રાસન સહિતની સામગ્રી અને સૈનિકોને ઝડપથી એક જગ્યેથી બીજી જગ્યાએ લઇ જવા માટે હરકયુલીસ અને અલગ અલગ માલવાહક વિમાન પણ ભાગ લઇ રહ્યા છે.આ યુદ્ધાભ્યાસમાં ચીનુક હેલીકૉપટર, MI-17 હેલીકૉપટરે પણ ભાગ લીધો હતો. યુદ્ધાભ્યાસ દરમ્યાન સુખોઇ - ૩૦એ આકાશમાં ઘેરો બનાવ્યો, ત્યારબાદ, સેનાના માલવાહક વિમાન રાશન સહીત ટોપ, સૈનિકોને એક જગ્યેથી બીજી જગ્યાએ લઇ જવાનું કોર્ડિનેશન બતાવ્યું હતું.

એલએસી પર તણાવ વચ્ચે ભારતીય સેનાનો આ યુદ્ધાભ્યાસ ખુબ જ મહત્વનો માનવામાં આવે છે. જાણવા મળે છે કે સેનાનો આ અભ્યાસ સતત ચાલતો રહેશે. ગત દિવસોમાં ચીની સેનાના અભ્યાસનો વિડીયો પણ સામે આવ્યો હતો.

### ન્યુઝ ઓફ ગાંધીનગર કોરોના અપડેટ

**ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં કોરોના નવા કેસની સંખ્યા : ૫૮૦**

**રાજ્યમાં કુલ કેસનો આંકડો પહોંચ્યો : ૩૦૧૫૮**

**ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં લોકોનાં મૃત્યુઃ ૧૮**

**રાજ્યમા આજે ડિસ્ચાર્જ થયેલા દર્દીઓની સંખ્યા : ૫૩૨**

**ગુજરાતમાં સાજા થયેલા કુલ દર્દીઓની સંખ્યા : ૨૨૦૩૮**

### સરહદે તણાવ વચ્ચે અમેરિકાનું ભારતને સમર્થન,ચીન લાલઘૂમ

# ચીનની દાદાગીરી રોકવા અમેરિકા એશિયામાં સેના તહેનાત કરશે

*વૉશિંગ્ટન,તા.૨૬*

એશિયામાં ચીનની દાગીરી સામે અમેરિકાએ આકરું વલણ અપનાવ્યું છે. અમેરિકાએ યુરોપમાંથી પોતાની સેના હટાવીને એશિયામાં તૈનાત કરવાનો નિર્ણય લીધો છે. તેની શરૂઆત જર્મનીથી થવાની છે. માનવામાં આવી રહ્યું છે કે અમેરિકા જર્મનીમાં તૈનાત ૫૨૦૦૦ અમેરિકન સૈનિકોમાંથી ૯,૫૦૦ સૈનિકો એશિયામાં તૈનાત કરશે. અમેરિકા આ પગલુ એવા સમયે ઉઠાવી રહ્યું છે જ્યારે ભારતમાં પૂર્વ લદ્દાખમાં એક્ચ્યુઅલ કંટ્રોલ (એલએસી) ની બાજુમાં ચીને ભારતમાં તંગ પરિસ્થિતિ સર્જી છે, બીજી તરફ વિયેતનામ, ઈન્ડોનેશિયા, મલેશિયા, ફિલિપાઈન્સ અને સાઉથ ચાઇના સીમાં એક ખતરો બનેલો છે.

અમેરિકાના વિદેશ મંત્રી માઇક પોમ્પિયોએ ચીનને ભારત અને દક્ષિણપૂર્વ એશિયા માટે ખતરો ગણાવ્યો છે. તેમણે કહ્યું કે ચીન તરફથી ભારત, મલેશિયા, ઈન્ડોનેશિયા અને ફિલિપાઈન્સ જેવા એશિયન દેશોને વધતા જતા ખતરાને ધ્યાનમાં રાખીને અમેરિકાએ વિશ્વભરમાં તેના સૈનિકોની તૈનાતીની સમીક્ષા કરી કરીને તેમને એવી રીતે તૈનાત કરી રહ્યું છે કે તેઓ જરૂર પડવા પર પીપુલ્સ લિબરેશન આર્મી (ચીનની સેના) નો મુકાબલો કરી શકે. પોમ્પિયોએ જર્મન માર્શલ ફંડના વર્ચ્યુઅલ બ્રસેલ્સ ફોરમ ૨૦૨૦માં ના સવાલના જવાબમાં આ કહ્યું.

પોમ્પિયોએ કહ્યું કે અમે નક્કી કરીશું કે અમારી તૈનાતી એવી હોવી જોઈએ કે પીએલએનો સામનો કરી શકે. અમને લાગે છે કે આ અમારા સમયનો પડકાર છે અને અમે ખાતરી કરીશું કે અમારી પાસે તેને ઉકેલવા માટે તમામ સંસાધન યોગ્ય જગ્યા પર ઉપલબ્ધ હોય. તેમણે કહ્યું કે રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પના નિર્દેશો પર સૈનિકોની તૈનાતીની સમીક્ષા કરવામાં આવી રહી છે અને આ યોજના અંતર્ગત અમેરિકા, જર્મનીમાં સૈન્યની સંખ્યા ૫૨ હજારથી ઘટાડીને ૨૫ હજાર કરી રહ્યા છે.પોમ્પિયોએ કહ્યું કે સૈન્યની તૈનાતી જમીની વાસ્તવિકતા પર આધારિત હશે. તેમણે કહ્યું કે કેટલીક જગ્યાએ અમેરિકન સંસાધનો ઓછા રહેશે.

કેટલાંક અન્ય જગ્યાઓ પર રહેશે. મેં હમણાં જ ચીની કમ્યુનિસ્ટ પાર્ટીના ખતરાની વાત કરી છે, તેથી હવે ભારતને ખતરો છે, વિયેતનામ ને ખતરો છે, મલેશિયા, ઈન્ડોનેશિયાને ખતરો છે, દક્ષિણ ચીન સમુદ્રની સામે પડકારો છે. યુ.એસ.એ જોખમોને જોયા છે અને સાયબર, ઈન્ટેલિજન્સ અને સૈન્ય જેવા સંસાધનો કેવી રીતે વહેંચવા તે સમજ્યા છે.

જો સૂત્રોની વાત માનીએ તો અમેરિકા પહેલીવાર હિંદ મહાસાગરમાં લશ્કરી મથક ડિયોગાર્શિયા પહેલી વખત ૯૫૦૦ સૈનિકો તૈનાત કરશે. આ સિવાય તાઇવાન પણ પોતાને ત્યાં સેના તૈનાતી માટે જગ્યા આપી શકે છે. આપને જણાવી દઈએ કે અમેરિકાના સૈન્ય ઠેકાણા જાપાન, દક્ષિણ કોરિયા, ડિયોગાર્શિયા અને ફિલિપાઈન્સમાં છે.

# પુલવામા એન્કાઉન્ટરઃ સેનાએ ત્રણ આતંકીઓને ઠાર કર્યા

પુલવામા,તા.૨૬

જમ્મુ-કાશ્મીરના પુલવામા જિલ્લામાં સેના અને આતંકીઓ વચ્ચેના એક્કાઉન્ટરમાં ત્રણ આતંકીઓ માર્યા ગયા છે. ત્રાલના ચેવા ઉલ્લાર વિસ્તારમાં આ અથડામણ ગુરુવાર સાંજથી શરુ થઇ હતી, જે ૧૨ કલાકથી પણ વધુ સમય ચાલી હતી.

આ પહેલા ગુરુવારે સોપોરમાં થયેલી અથડામણમાં પણ સુરક્ષાબળોએ બે આતંકીઓને ઠાર માર્યા હતા.

ગુરુવારે મળેલી વધુ એક સફળતામાં સુરક્ષાબળોએ બડગામમાં ટેરર મોડ્યુલનો ભાંડો ફોડીને આતંકીઓના પાંચ સહયોગીની ધરપકડ કરી હતી.વધુમાં જણાવીએ તો જમ્મુ-કાશ્મીરમાં તૈનાત સુરક્ષાબળ આતંકીઓ વિરૂદ્ધ સતત કાર્યવાહી કરી રહ્યું છે.

ગત ૧૭ જૂને ડીઆઇજી દિલબાગ સિંહે જણાવ્યું હતું કે, કાશ્મીર ઘાટીમાં સુરક્ષા માહોલને વધુ સારો બનાવવા માટે આતંકીઓ વિરૂદ્ધ ચાલી રહેલા અભિયાનને તેજ કરવામાં આવ્યું છે. છેલ્લા ૧૯ દિવસમાં ૩૫ આતંકવાદી ઠાર મરાયા છે. બીજી તરફ આ વર્ષે સુરક્ષા દળોએ ૧૧૦ આતંકવાદીઓને ઢાળી દીધા છે.

## તંત્રી સ્થાનેથી...

### ચીનના ૫૦% માલસામાનનો બહિષ્કાર આમ પ્રજા કરે તો ચીનની કમર તૂટી પડે....!

દેશભરમાં લોકો કોરોનાને ભૂલીને ચીન સામે ભારે આક્રોશ વ્યકત કરી રહ્યા છે તો ચીની બનાવટની ચીજવસ્તુઓનો બહિષ્કાર કરવા લાગ્યા છે. ત્યારે બીજી તરફ ભારતમાં ચોમાસાની ઋતુ ની શરૂઆત થઈ ગઈ છે જેમાં ઉત્તાર પ્રદેશ, બિહાર, આસામમાં વાવાઝોડા સાથે વરસાદ અને વરસાદી પૂરે તેમજ વીજળી પડવાને કારણે લોકો ભારે પરેશાનીમાં મુકાઈ ગયા છે અને ૧૦૮ લોકોને લોકોના મોત થયા છે. તો આસામમાં ભારે પૂરને કારણે ૧૫ જેટલા લોકો તણાઈ ગયા છે. ટૂંકમાં લોકોને કોઈપણ પ્રકારે શાંતિ નથી. તો કેન્દ્ર સરકાર પાસે નાણાં સ્તોત્ર ઘટી ગયો છે. છેલ્લા ૧૦ દિવસથી રોજેરોજ પેટ્રોલ ડીઝલમાં ભાવ વધારો થતો જ રહ્યો છે. અગાઉ ગેસમાં ભાવવધારો કરેલ છે.

કોરોના જેવી મહામારીમા લોકડાઉન સમયમા સરકારે કોમન મેન એટલે કે શ્રમજીવી વર્ગ, મધ્યમ વર્ગ,રોજમદારો અને ગરીબ વર્ગને કોઈ પણ સીધી આર્થિક સહાય આપી નથી. મોંઘવારી પણ વધતી જઈ રહી છે. **lockdown** ને કારણે કરોડો લોકોએ રોજગારી ગુમાવી છે- કરોડોએ નોકરીઓ ગુમાવી છે- આવક બંધ થઈ ગઈ છે એટલે અનેક શ્રમજીવીઓ, રોજમદારો,મધ્યમ વર્ગની હાલત કફોડી થઈ જતા કોઈપણ રીતે ભૂખ્યા-તરસ્યા પીડા ભોગવતા ચાલીને વતન ભેગા થઈ ગયા અનેકોને રસ્તામાં અનેક પ્રકારની હાડમારી ભોગવવી પડી હતી. પરિણામે કામના સ્થળે કે રોજગારી સ્થળે પરત ન જવુ તેવું મોટાભાગના શ્રમજીવીઓએ મન બનાવુ લીધું હતું અને તેની અસર **lockdown** માં છૂટછાટ આપવા છતા અનલોક જાહેર કર્યા બાદ સ્પષ્ટ દેખાઈ આવી છે.તો વતન ગયેલાને વતનમાં પણ રોજગારી માટે ફાફા મારવા પડી રહ્યા છે કારણકે ત્યાં ઉદ્યોગો કે રોજગારી આપતા એકમો બહુ જૂજ છે.... એટલે રોજગારી મેળવવા પુનઃ રોજગારી સ્થળે જવા મન બનાવવા લાગ્યા છે... પરંતુ આજે પણ તેમના મનમાં કોરોનાનો ભય દૂર થયો નથી. તો દેશભરમાં જે પ્રકારે કોરોના ગ્રસ્ત લોકોની સંખ્યા અને મોતનો આંક વધતો જઈ રહ્યો છે તેના કારણે તેઓમાં વધુ ડર પેઠો છે..... અને જે રાજ્યોમાં કામ કરતા હતા ત્યાં જવા માટે થોભો અને રાહ જુઓની નીતિ અપનાવી હોય તેવું ચિત્ર ઉપસી રહ્યું છે. પરિણામે માર્કેટો, ધંધા-ઉદ્યોગ ખુલવા છતાં નાણાંકિય તેજી આવી નથી.....!! લોકોના ખિસ્સામાં પૈસા નથી એટલે ખરીદારો બજારમાં દેખાતા નથી જે હકીકત છે.....!

ચીને ભારતના ચારેક જેટલા વિસ્તારોમાં ઘુસણખોરી કરવા સાથે આપણા ૨૦ જવાનોને શહીદ કર્યા તે માટે દેશભરમાં ચીનની સામે આમ પ્રજામાં ભારે આક્રોશ છે અને ચીની માલ-સામાનનો બહિષ્કાર કરવા લાગ્યા છે ત્યારે મૂળ વાત એ સમજવાની છે ભારતનો ચીન સાથે ૭૦ લાખ બિલિયન ડોલરનો વ્યાપાર કરે છે અને દેશના લોકો તેની ચીજ વસ્તુ વાપરી રહ્યા છે ત્યારે લોકો પોતે જ સ્વનિર્ભર બને અને ફકત સ્વદેશી ઉત્પાદનો જ ખરીદી કરવાની પ્રતિજ્ઞા કરી લે તો કોમનમેનો જ ૩૫ લાખ બિલિયન ડોલરનો ફટકો ચીનને આપી શકે છે.

જે ફટકો સામાન્ય નથી... તે ચીનના અર્થતંત્રની કમર તોડી નાખે અને જો ભારતના લોકો તેની ચીજવસ્તુ ન ખરીદે તો ચીનમાજ મોટો વિષસ્ફોટ થઈ શકે..... કારણકે ચીનની વસ્તુ આપણે ન ખરીદીયે તો ત્યાં ઉત્પાદનો બંધ થઈ જાય અને ત્યાંના અનેક નાના-મોટા ઉદ્યોગો બંધ થઈ જાય કે તાળા મારવા પડે જેથી ત્યાં રોજગારીનો પ્રશ્ન ભયાનક બની જાય તો ચીનના લોકો લોકશાહી માટે આંતરિક અભિયાન ચલાવી રહ્યા છે તે વધુ જોરથી મોટા પ્રમાણમાં ધબકતુ થઈ જાય કદાચ ક્રાન્તિ થાય.....! તો તે પોતાના લશ્કરને પગાર સહિત અન્ય ખર્ચ માટે નાણાં પૂરા પાડી ન શકે અને ત્યારે રશિયાની જેમ ચીનના ભાગલા થઈ જાય.....! પરંતુ આ બધું ભારતભરના લોકોના-કોમન મેનના હાથમાં છે. ત્યારે દેશ પ્રત્યેની વફાદારી માટે સાચા હૃદયથી પ્રેમ બતાવવા ચીની બનાવટોની ચીજ વસ્તુઓનો બહિષ્કાર કરશે કે કેમ......?! અને તે સમય દરમિયાન ભારત સરકાર દેશભરમાં તમામ પ્રકારના જરૂરી ઉત્પાદનોના એકમોનું આયોજન કરી શકે... એટલે ચીનની ભારતની ખરીદી તળિયે જતી રહેશે.... પરંતુ સત્તાધારીઓએ ભારતના મૂળ પ્રશ્નો તરફ ધ્યાન કેન્દ્રિત કરવું પડશે, તો વિપક્ષને નગણ્ય ન કરતા તેમની નોંધ લેવા સાથે ટીકાકારોની સાચી વાતનો સ્વીકાર કરી પગલાં લેવા પડશે.... અને ત્યારે જ દેશ આત્મનિર્ભર-સ્વદેશ નિર્ભર બની રહે. આ માટે સરકાર તૈયાર થશે ખરી....? તે મોટો પ્રશ્ન આમ પ્રજામા ઉઠવા પામ્યો છે.....! વંદે માતરમ્......

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૭૬, શાલિવાહન શક-૧૯૪૧,વીર સંવત-૨૫૪૬, ઈસ્લામીક સંવત-૨૫૪૫, તા. ૨૭/૦૬/૨૦૨૦, શનિવાર, અષાઢ સુદ-૭
સૂર્યોદય-૬-૦૬, સૂર્યાસ્ત-૭-૩૩, જૈન નવકારશી-૭-૫૪,
આજની રાશિ : કન્યા (પ.ઠ.ણ.), નક્ષત્રઃ પૂર્વા ફાલ્ગુની

સૂર્ય-કુંભ
ચંદ્ર-કર્ક
મંગળ-ધન
બુધ-કુંભ
ગુરૂ-ધન
શુક્ર-મેષ
શનિ-મકર
રાહુ-મિથુન
કેતુ-ધન
હર્ષલ-મેષ
નેપ્ચ્યુન-કુંભ
પ્લુટો-મકર

**- શુભ ચોઘડીયા -**

૭-૪૭ થી શુભ-૯-૨૮ સુધી, ૧૨-૫૦ થી ચલ-લાભ-અમૃત-૧૭-૫૩ સુધી, ૧૯-૩૩ થી લાભ-૨૦-૫૩ સુધી, ૨૨-૧૨ થી શુભ-અમૃત-ચલ-૨૬-૦૯ સુધી

**- શુભ હોરા-**

૭-૧૪ થી ૮-૨૧ સુધી,૧૦-૩૬ થી ૧૩-૫૭ સુધી,૧૫-૦૫ થી ૨૬-૧૨ સુધી,૧૮-૨૬ થી ૨૧-૧૯ સુધી

# એલચી, કપાસ, સીપીઓ, મેન્થા તેલના વાયદાના ભાવમાં સાર્વત્રિક નરમાઈ: કોટનમાં સુધારાનો સંચાર

મુંબઈ

વિવિધ કોમોડિટી વાયદા અને ઓપ્શન્સમાં મળીને પ્રથમ સત્રમાં એમસીએક્સ પર ૧૬૦૧૬૨ સોદામાં રૂ. ૧૦૮૦૯.૯૧ કરોડનું ટર્નઓવર નોંધાયું હતું, જેમાં કોમોડિટી વાયદાઓનો હિસ્સો રૂ. ૧૦૬૦૯.૬૮ કરોડનો અને ઓપ્શન્સનો હિસ્સો રૂ. ૨૦૦.૨૩ કરોડનો રહ્યો હતો. કોમોડિટી વાયદાઓમાં કીમતી ધાતુઓમાં સોના-ચાંદી તથા બિનલોહ ધાતુઓના વાયદાના ભાવમાં મિશ્ર વલણ હતું. એનર્જી સેગમેન્ટમાં ક્રૂડ તેલના વાયદામાં વૃદ્ધિ સામે નેચરલ ગેસ ઘટી આવ્યું હતું. કૃષિ કોમોડિટીઝમાં એલચી, કપાસ, સીપીઓ અને મેન્થા તેલમાં સાર્વત્રિક નરમાઈનો માહોલ હતો, જ્યારે કોટનમાં સુધારાનો સંચાર થયો હતો.

કોમોડિટી વાયદાઓમાં કીમતી ધાતુઓમાં સોના-ચાંદીના વાયદાઓમાં કુલ ૭૯૩૫૦ સોદાઓમાં રૂ. ૬૦૦૬.૪૪ કરોડનાં કામકાજ થયાં હતાં. સોનાના વાયદાઓમાં એમસીએક્સ સોનું ઓગસ્ટ વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ. ૪૭૯૦૨ ખૂલી, ઊપરમાં રૂ. ૪૮૧૩૦ અને નીચામાં રૂ. ૪૭૮૦૨ ના મથાળે અથડાઈ પ્રથમ સત્રનાં અંતે રૂ. ૧૩૭ વધીને રૂ. ૪૮૦૭૮ બંધ રહ્યો હતો. ગોલ્ડ-ગિની જૂન કોન્ટ્રેક્ટ પ્રથમ સત્રનાં અંતે રૂ. ૨૧૫ વધીને ૮ ગ્રામદીઠ રૂ. ૩૯૧૦૪ અને ગોલ્ડ-પેટલ જૂન કોન્ટ્રેક્ટ પ્રથમ સત્રનાં અંતે રૂ. ૪૧ ઘટીને ૧ ગ્રામદીઠ રૂ. ૪૮૫૯ થયા હતા, જ્યારે સોનું-મિની જુલાઈ વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ. ૧૧૭ વધીને બંધમાં રૂ. ૪૮૦૬૯ ના ભાવ રહ્યા હતા.

ચાંદીના વાયદાઓમાં ચાંદી જુલાઈ કોન્ટ્રેક્ટ કિલોદીઠ રૂ. ૪૮૧૫૪ ખૂલી, ઊપરમાં રૂ. ૪૮૩૨૨ અને નીચામાં રૂ. ૪૭૯૪૦ ના સ્તરને સ્પર્શી પ્રથમ સત્રનાં અંતે રૂ. ૧૬૨ વધીને રૂ. ૪૮૨૭૮ બંધ રહ્યો હતો. ચાંદી-મિની જૂન રૂ. ૩૧ ઘટીને રૂ. ૪૮૪૭૨ અને ચાંદી-માઈક્રો જૂન રૂ. ૨૫૭ વધીને રૂ. ૪૮૬૫૪ બંધ રહ્યા હતા.

એનર્જી સેગમેન્ટમાં કુલ ૬૦૧૭૯ સોદાઓમાં રૂ. ૨૨૫૨.૦૮ કરોડનો ધંધો થયો હતો. ક્રૂડ તેલ જુલાઈ કોન્ટ્રેક્ટ બેરલદીઠ રૂ. ૨૯૫૭ ખૂલી, ઊપરમાં રૂ. ૨૯૮૩ અને નીચામાં રૂ. ૨૯૨૪ બોલાઈ પ્રથમ સત્રનાં અંતે રૂ. ૫ વધીને રૂ. ૨૯૫૨ બંધ રહ્યો હતો.

કૃષિ કોમોડિટીઝમાં ૨૪૭૨ સોદાઓમાં કુલ રૂ. ૨૩૩.૨૩ કરોડનાં કામકાજ થયાં હતાં. કોટન જૂન વાયદો ગાંસડીદીઠ રૂ. ૧૫૭૪૦ ખૂલી, ઊપરમાં રૂ. ૧૫૮૫૦ અને નીચામાં રૂ. ૧૫૭૨૦ સુધી જઈ પ્રથમ સત્રનાં અંતે રૂ. ૩૦ વધીને રૂ. ૧૫૭૭૦ ના સ્તરે બંધ રહ્યો હતો. સીપીઓ જૂન કોન્ટ્રેક્ટ ૧૦ કિલોદીઠ રૂ. ૭૨૨.૪ ખૂલી, પ્રથમ સત્રનાં અંતે રૂ. ૮.૫ ઘટીને બંધમાં રૂ. ૭૦૯.૮ ના ભાવ હતા, જ્યારે એલચી જુલાઈ વાયદો કિલોદીઠ રૂ. ૧૩૩૬ ખૂલી, અંતે ૨૦ પૈસા ઘટીને રૂ. ૧૩૩૬ થયો હતો. મેન્થા તેલ જુલાઈ વાયદો કિલોદીઠ રૂ. ૯૯૧ ખૂલી, ઊપરમાં રૂ. ૧૦૦૪ અને નીચામાં રૂ. ૯૮૫ રહી, અંતે રૂ. ૯૮૯ બંધ રહ્યો હતો. કપાસ એપ્રિલ વાયદો ૨૦ કિલોદીઠ રૂ. ૧૦૦૭.૫ ખૂલી, ઊપરમાં રૂ. ૧૦૦૭.૫ અને નીચામાં રૂ. ૯૯૫ સુધી જઈ પ્રથમ સત્રનાં અંતે રૂ. ૩.૫૦ ઘટીને રૂ. ૯૯૮.૫ ના સ્તરે બંધ રહ્યો હતો.

વાયદાઓમાં કામકાજની દૃષ્ટિએ પ્રથમ સત્ર સુધીમાં સોનાના વિવિધ વાયદાઓમાં મળીને ૨૦૨૨૮ સોદાઓમાં કુલ રૂ. ૩૨૫૦.૨૯ કરોડ ની કીમતનાં ૬૭૭૪.૧૩૫ કિલો, ચાંદીના વિવિધ વાયદાઓમાં મળીને ૫૯૧૨૨ સોદાઓમાં કુલ રૂ. ૨૭૫૬.૧૬ કરોડ ની કીમતનાં ૫૬૬.૪૮૪ ટન, ક્રૂડ તેલમાં ૩૯૦૩૫ સોદાઓમાં રૂ. ૧૭૨૦.૭૩ કરોડનાં ૫૮૧૮૧૦૦ બેરલ્સ, કોટનમાં ૩૨૧ સોદાઓમાં રૂ. ૨૨.૯૮ કરોડનાં ૧૪૪૨૫ ગાંસડી, સીપીઓમાં ૨૦૧૮ સોદાઓમાં રૂ. ૧૯૭.૯૫ કરોડનાં ૨૯૧૭૦ ટન, એલચીમાં ૪ સોદાઓમાં રૂ. ૫.૩૧ લાખનાં ૦.૪ ટન, મેન્થા તેલમાં ૭૮ સોદાઓમાં રૂ. ૧૦.૮૩ કરોડનાં ૧૦૯.૦૮ ટન, કપાસમાં ૫૧ સોદાઓમાં રૂ. ૧.૪૨ કરોડનાં ૨૮૪ ટનના વેપાર થયા હતા.

ઓપન ઈન્ટરેસ્ટ પ્રથમ સત્ર સુધીમાં સોનાના વાયદાઓમાં ૨૧૩૮૯.૧૦૪ કિલો, ચાંદીના વાયદાઓમાં ૫૦૪.૭૨૨ ટન, ક્રૂડ તેલમાં ૫૦૭૮ બેરલ્સ, કોટનમાં ૧૧૫૪૦૦ ગાંસડી, સીપીઓમાં ૬૮૯૪૦ ટન, એલચીમાં ૧.૩ ટન, મેન્થા તેલમાં ૧૧૦.૧૬ ટન અને કપાસમાં ૨૯૬ ટનના સ્તરે રહ્યો હતો.

કોમોડિટી ઓપ્શન્સમાં કુલ રૂ. ૨૦૦.૨૩ કરોડનું ટર્નઓવર (નોશનલ) થયું હતું, જ્યારે પ્રીમિયમ ૩.૮૧ કરોડ નું રહ્યું હતું. ઓપ્શન્સના કુલ વોલ્યુમમાં કોલ ઓપ્શન્સનો હિસ્સો ૪૯.૦૫ ટકાનો અને પુટ ઓપ્શન્સનો હિસ્સો ૫૦.૯૫ ટકાનો હતો.

સોનાનાં ઓપ્શન્સમાં સૌથી વધુ સક્રિય રહેલા કોન્ટ્રેક્ટોમાં કોલ ઓપ્શન્સનો રૂ. ૪૯૦૦૦ ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો જુલાઈ કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ. ૫૬૦ ખૂલી, ઊપરમાં રૂ. ૬૦૮ અને નીચામાં રૂ. ૫૨૯ રહી પ્રથમ સત્રનાં અંતે રૂ. ૫૯૩.૫ બંધ રહ્યો હતો, જ્યારે પુટ ઓપ્શન્સમાં રૂ. ૪૬૦૦૦ ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો જુલાઈ કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ. ૩૦૧ ખૂલી, ઊપરમાં રૂ. ૩૨૦ અને નીચામાં રૂ. ૨૫૪ રહી પ્રથમ સત્રનાં અંતે રૂ. ૨૬૦ બંધ રહ્યો હતો.

ચાંદીનાં ઓપ્શન્સમાં સૌથી વધુ સક્રિય રહેલા કોન્ટ્રેક્ટોમાં કોલ ઓપ્શન્સનો રૂ. ૫૧૦૦૦ ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો ઓગસ્ટ કોન્ટ્રેક્ટ કિલોદીઠ રૂ. ૧૫૮૦ ખૂલી, ઊપરમાં રૂ. ૧૬૭૩ અને નીચામાં રૂ. ૩૦ રહી પ્રથમ સત્રનાં અંતે રૂ. ૧૪૭૮.૫ બંધ રહ્યો હતો, જ્યારે પુટ ઓપ્શન્સમાં રૂ. ૪૮૦૦૦ ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો ઓગસ્ટ કોન્ટ્રેક્ટ કિલોદીઠ રૂ. ૧૯૦૧ ખૂલી, ઊપરમાં રૂ. ૧૯૦૧ અને નીચામાં રૂ. ૧૭૭૫ રહી પ્રથમ સત્રનાં અંતે રૂ. ૧૭૯૨.૫ બંધ રહ્યો હતો.

તાંબાનાં ઓપ્શન્સમાં સૌથી વધુ સક્રિય રહેલા કોન્ટ્રેક્ટોમાં પુટ ઓપ્શન્સમાં રૂ. ૪૬૫ ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો જુલાઈ કોન્ટ્રેક્ટ કિલોદીઠ રૂ. ૧૪.૬૨ ખૂલી, ઊપરમાં રૂ. ૧૪.૬૨ અને નીચામાં રૂ. ૧૪.૬૨ રહી પ્રથમ સત્રનાં અંતે રૂ. ૧૪.૬૨ બંધ રહ્યો હતો. ક્રૂડ તેલનાં ઓપ્શન્સમાં સૌથી વધુ સક્રિય રહેલા કોન્ટ્રેક્ટોમાં કોલ ઓપ્શન્સનો રૂ. ૩૦૦૦ ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો જુલાઈ કોન્ટ્રેક્ટ બેરલદીઠ રૂ. ૧૭૨.૧ ખૂલી, ઊપરમાં રૂ. ૧૮૦ અને નીચામાં રૂ. ૧૫૮.૫ રહી પ્રથમ સત્રનાં અંતે રૂ. ૧૭૩.૯ બંધ રહ્યો હતો, જ્યારે પુટ ઓપ્શન્સમાં રૂ. ૨૯૦૦ ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો જુલાઈ કોન્ટ્રેક્ટ બેરલદીઠ રૂ. ૧૬૮ ખૂલી, ઊપરમાં રૂ. ૧૭૮.૩ અને નીચામાં રૂ. ૧૫૩ રહી પ્રથમ સત્રનાં અંતે રૂ. ૧૭૨.૩ બંધ રહ્યો હતો.

## વાયદા બજારના કોરોનાગ્રસ્ત નવ કર્મચારીઓ સાજાં થયાં

મુંબઈ, તા.૨૬ જૂન

વાયદા બજાર એમસીએક્સના નવ કર્મચારી જે કોરોનાનો શિકાર થયા હતા અને તેમનો રિપોર્ટ પોઝિટીવ આવ્યો હતો, તે હવે સંપૂર્ણ પણે સાજા થઈ ગયા છે. તેમની સારવાર સફળતાપૂર્વક પૂરી કરીને તેમને હોસ્પિટલમાંથી રજા આપી દેવામાં આવી છે અને તે હવે પૂર્ણપણે સ્વસ્થ્ય છે. લોકડાઊનના મુશ્કેલીભર્યા સમયમાં જ્યારે દેશના ઘણા વેપારધંધાઓ અને ઓફિસો કાં તો બંધ રાખતા હતા અથવા તો વર્ક ફ્રોમ હોમ કરી રહ્યા હતા, ત્યારે આ એક્સચેન્જની કોર ટીમના અંદાજે ૩૦ જેટલા કર્મચારીઓ રોટેશન બેઝીસ પર ઓફિસમાં રહીને તેમની ફરજ બજાવી રહ્યા હતા. એક્સચેન્જમાં સોશિયલ ડિસ્ટન્સનું સંપૂર્ણ પણે પાલન થતું હતું, થોડા-થોડા સમયે સેનેટાઈઝેશનનું કામ પણ નિયમિતપણે થતું હતું, પ્રત્યેક કર્મચારી ફરજિયાતપણે માસ્ક પહેરતા હતા, નિયમિત રીતે તેમના ટેમ્પરેચર ચેક થતા હતા. આ બધી તકેદારી એક્સચેન્જ તરફથી લેવાતી હોવા છતાં દુર્ભાગ્યે તેમાંથી નવ કર્મચારીઓનો કોરોના પોઝિટીવ આવ્યો હતો અને તેમની સારવાર હોસ્પિટલમાં ચાલી રહી હતી, પરંતુ હવે તે પૂર્ણપણે સાજાં થઈ ગયા છે અને તેમને હોસ્પિટલમાંથી રજા મળી ગઈ છે. આ લોકડાઊન દરમિયાન, એમસીએક્સે બિઝનેસ કન્ટિન્યુટી જળવાઈ રહે તે માટે સુદૃઢ વ્યવસ્થા કરી હતી અને કોઈપણ રૂકાવટ વગર એકપણ દિવસ એક્સચેન્જ બંધ રહ્યા વગર એક્સચેન્જનું કામકાજ સરળતાથી ચાલી રહ્યું છે.



**હારીજ તાલૂકાના કુરેજા ગામે આધેડ ની હત્યા.મળતી માહિતી મુજબ હારીજ તાલૂકાના કૂરેજા ગામે પરા વિસ્તારમાં બાજૂ બાજૂમાં રહેતા ઠાકોર પરીવાર કોટાની વાડ બાબત ની તકરારમાં તા.૨૫/૬/૨૦૨૦ બપોરના ઠાકોર વસંતજી ખેગારજી ઉ.૫૦ ની માથામાં લોખંડની પાઈપ થી ઈજાઓ કરવામાં આવતા ૧૦૮ મારફતે પ્રથમ ધારપુર હોસ્પિટલ અને વધૃ સારવાર અર્થ પાટણ જનતા હૉસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા જેઓનૃ ઈજાઓને કારણે આજ રોજ મૃત્યુ થયું હતૃ જે બાબતે મરંણજનાર ની પત્ની ઠાકોર સવીતાબેન વસંતજીએ ઠાકોર લાલાજી(કાળો) ચંદનજી વિરુદ્ધ કાટાની વાડ બાબતે અગાઉની અદાવતમાં લોખંડની પાઈપો મારી ઈજાઓ કરી હત્યા કરવામાં આવી હોવાની ધોરણસરની ફરિયાદ હારીજ પોલીસ મથકે નોંધાવી હતી પોલિસ દ્વાર વધુ કોઈ અનિચ્છીય ધટના ના બને તે માટે ચુસ્ત પોલીસ બંદોબસ્ત તપાસ હારીજ પોલીસ દ્વારા ચલાવવામાં આવી રહી છે ત્યારે પાટણ જિલ્લા વિસ્તારમાં કોરોના મહામારી જેવા કટોકટી ગંભીર સમયમાં પણ ઠેર ઠેર તાલૃકા ગ્રામ્ય વિસ્તારોમાં જૂથ અથડામણો મારામારી હત્યા જેવી ગંભીર ધટનાઓ વધી રહી હોઈ વિસ્તારની જનતામાં ચિંતા નો વિષય બનવા પામ્યો છે.(ધ્રુવ દવે.સિદ્ધપુર)**

# સોનાના વાયદાના ભાવમાં રૂ.૫૮૬ અને ચાંદીમાં રૂ.૨૫૫ની તેજી: ક્રૂડ તેલ રૂ.૩૮ ઘટ્યું

**કોટનમાં ૨,૨૩,૨૭૫ ગાંસડીના વોલ્યુમ સાતે વાયદાના ભાવમાં સેંકડા ઘટ્યાઃ કપાસ, મેન્થા તેલમાં નરમાઈઃ સીપીઓમાં બેતરફી વધઘટઃ એલચીમાં સુધારોઃ બિનલોહ ધાતુઓમાં મિશ્ર વલણઃ સપ્તાહ દરમિયાન કોમોડિટી વાયદાઓમાં નોંધાયેલું રૂ.૧,૪૩,૨૬૮.૭૬ કરોડનું ટર્નઓવર**

મુંબઈ

કોમોડિટી ડેરિવેટિવ્ઝમાં દેશના અગ્રણી એક્સચેન્જ મલ્ટી કોમોડિટી એક્સચેન્જ (એમસીએક્સ) પર ૧૯થી ૨૫ જૂનના સપ્તાહ દરમિયાન કોમોડિટી વાયદાઓમાં કુલ રૂ.૧,૪૩,૨૬૮.૭૬ કરોડનું ટર્નઓવર નોંધાયું હતું. કીમતી ધાતુઓમાં સોના-ચાંદીના વાયદાઓમાં તેજીનો માહોલ હતો. સોનાનો વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૫૮૬ અને ચાંદીનો વાયદો કિલોદીઠ રૂ.૨૫૫ વધ્યો હતો. બિનલોહ ધાતુઓમાં મિશ્ર વલણ હતું. તાંબુ, સીસું અને જસત વધવા સામે નિકલ અને એલ્યુમિનિયમ ઘટ્યા હતા. એનર્જી સેગમેન્ટમાં ક્રૂડ તેલ અને નેચરલ ગેસ બંને ઘટી આવ્યા હતા. કૃષિ કોમોડિટીઝમાં કોટનમાં ૨,૨૩,૨૭૫ ગાંસડીના વોલ્યુમ સાથે વાયદાના ભાવમાં સેંકડા ઘટ્યા હતા, જ્યારે એલચીના વાયદામાં સુધારો ભાવમાં થયો હતો. કપાસ અને મેન્થા તેલમાં નરમાઈ સામે સીપીઓમાં બેતરફી વધઘટ હતી.

કીમતી ધાતુઓમાં સોનાના વાયદાઓમાં એમસીએક્સ સોનું ઓગસ્ટ વાયદો સપ્તાહના પ્રારંભે ૧૦ ગ્રામદીઠ રૂ.૪૭,૩૯૯ ખૂલી, સપ્તાહ દરમિયાન ઈન્ટ્રા-ડેમાં ઊપરમાં રૂ.૪૮,૫૮૯ અને નીચામાં રૂ.૪૭,૩૨૮ના મથાળે અથડાઈ, આગલા સપ્તાહનાં રૂ.૪૭,૩૫૫ના બંધ સામે સમીક્ષા હેઠળના સપ્તાહના અંતે રૂ.૫૮૬ (૧.૨૪ ટકા) વધી રૂ.૪૭,૯૪૧ના સ્તરે બંધ થયો હતો.

ગોલ્ડ-ગિનીનો જૂન વાયદો ૮ ગ્રામદીઠ રૂ.૩૮,૧૮૮ ખૂલી, સપ્તાહના અંતે રૂ.૭૪૫ (૧.૯૫ ટકા)ના ઉછાળા સાથે રૂ.૩૮,૮૮૯ થયો હતો. આ વાયદો સપ્તાહ દરમિયાન ઊપરમાં રૂ.૩૯,૧૯૯ અને નીચામાં રૂ.૩૮,૧૨૧ બોલાયો હતો, જ્યારે ગોલ્ડ-પેટલનો જૂન વાયદો ૧ ગ્રામદીઠ રૂ.૪,૭૩૬ ખૂલી, સપ્તાહના અંતે રૂ.૧૬૫ (૩.૪૮ ટકા) વધી બંધમાં રૂ.૪,૯૦૦ના ભાવ થયા હતા. આ વાયદો સપ્તાહ દરમિયાન ઊપરમાં રૂ.૪,૯૫૫ અને નીચામાં રૂ.૪,૭૩૩ બોલાયો હતો.

સોનું-મિની જુલાઈ વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૪૭,૩૦૦ ખૂલી, સપ્તાહ દરમિયાન ઊપરમાં રૂ.૪૮,૪૨૧ અને નીચામાં રૂ.૪૭,૩૦૦ સુધી જઈ સપ્તાહના અંતે રૂ.૬૨૪ (૧.૩૨ ટકા)ના ભાવવધારા સાથે બંધમાં રૂ.૪૭,૯૫૨ના ભાવ થયા હતા.

ચાંદીના વાયદાઓમાં એમસીએક્સ ચાંદી જુલાઈ વાયદો સપ્તાહના પ્રારંભે કિલોદીઠ રૂ.૪૭,૮૭૦ ખૂલી, સપ્તાહ દરમિયાન ઈન્ટ્રા-ડેમાં ઊપરમાં રૂ.૪૯,૨૬૧ અને નીચામાં રૂ.૪૬,૮૩૩ના સ્તરને સ્પર્શી, આગલા સપ્તાહનાં રૂ.૪૭,૮૬૧ના બંધ સામે સમીક્ષા હેઠળના સપ્તાહના અંતે રૂ.૨૫૫ (૦.૫૩ ટકા)ની તેજી સાથે રૂ.૪૮,૧૧૬ના સ્તરે બંધ થયો હતો.

ચાંદી-મિની જૂન વાયદો કિલોદીઠ રૂ.૪૮,૧૯૩ના ભાવે ખૂલી, સપ્તાહ દરમિયાન ઈન્ટ્રા-ડેમાં ઊપરમાં રૂ.૪૯,૪૫૦ અને નીચામાં રૂ.૪૭,૨૨૪ના મથાળે અથડાઈ, આગલા સપ્તાહનાં રૂ.૪૮,૧૧૫ના બંધ સામે સમીક્ષા હેઠળના સપ્તાહના અંતે રૂ.૩૮૮ (૦.૮૧ ટકા) વધી રૂ.૪૮,૫૦૩ના સ્તરે બંધ થયો હતો.

ચાંદી-માઈક્રો જૂન વાયદો કિલોદીઠ રૂ.૪૮,૦૯૮ ખૂલી, સપ્તાહ દરમિયાન ઊપરમાં રૂ.૪૯,૪૭૫ અને નીચામાં રૂ.૪૭,૨૪૧ સુધી જઈ સપ્તાહના અંતે રૂ.૨૯૫ (૦.૬૧ ટકા) વધી બંધમાં રૂ.૪૮,૩૯૭ના ભાવ થયા હતા.

બિનલોહ ધાતુઓમાં તાંબુ જૂન વાયદો કિલોદીઠ રૂ.૪૪૬.૦૫ ખૂલી, સપ્તાહના અંતે રૂ.૫.૫૫ (૧.૨૫ ટકા) વધી રૂ.૪૫૧.૨૫ બંધ થયો હતો, જ્યારે નિકલનો જૂન વાયદો કિલોદીઠ રૂ.૯૮૧.૩૦ ખૂલી, સપ્તાહના અંતે રૂ.૩૮.૫૦ (૩.૯૧ ટકા) ઘટી બંધમાં રૂ.૯૪૬.૪૦ના ભાવ થયા હતા. એલ્યુમિનિયમનો જૂન વાયદો કિલોદીઠ રૂ.૧૩૬.૭૦ ખૂલી, સપ્તાહના અંતે રૂ.૩.૫૦ (૨.૫૬ ટકા) ઘટી રૂ.૧૩૩.૨૫ના સ્તરે રહ્યો હતો. સીસું જૂન વાયદો રૂ.૧૪૩.૧૦ ખૂલી, સપ્તાહના અંતે રૂ.૨.૫૫ (૧.૭૮ ટકા) વધી રૂ.૧૪૫.૭૫ અને જસત જૂન વાયદો રૂ.૧૬૧.૨૦ ખૂલી, સપ્તાહના અંતે રૂ.૨ (૧.૨૪ ટકા) વધી રૂ.૧૬૩.૭૦ના સ્તરે બંધ થયો હતો.

એનર્જી સેગમેન્ટમાં ક્રૂડ ઓઈલનો જૂન વાયદો સપ્તાહના પ્રારંભે બેરલદીઠ રૂ.૩,૦૦૭ના ભાવે ખૂલી, સપ્તાહ દરમિયાન ઈન્ટ્રા-ડેમાં ઊપરમાં રૂ.૩,૧૫૩ અને નીચામાં રૂ.૨,૮૦૮ બોલાઈ સપ્તાહના અંતે રૂ.૩૮ (૧.૨૭ ટકા) ઘટી બંધમાં રૂ.૨,૯૪૭ના ભાવ થયા હતા. નેચરલ ગેસનો જુલાઈ વાયદો એમએમબીટીયૂદીઠ રૂ.૧૩૨.૮૦ ખૂલી, સપ્તાહના અંતે રૂ.૧૬ (૧૧.૯૭ ટકા) ઘટી રૂ.૧૧૭.૭૦ થયો હતો.

કૃષિ કોમોડિટીઝમાં રૂ (કોટન)ના ત્રણેય વાયદાઓમાં ગાંસડીદીઠ રૂ.૩૨૦થી રૂ.૪૦૦ની રેન્જમાં તૂટ્યા હતા. કોટનનો જૂન વાયદો સપ્તાહના પ્રારંભે ગાંસડીદીઠ રૂ.૧૬,૧૩૦ના ભાવે ખૂલી, સપ્તાહ દરમિયાન ઈન્ટ્રા-ડેમાં ઊપરમાં રૂ.૧૬,૧૮૦ સુધી અને નીચામાં રૂ.૧૫,૬૮૦ સુધી જઈ, આગલા સપ્તાહનાં રૂ.૧૬,૧૩૦ના બંધ સામે સમીક્ષા હેઠળના સપ્તાહના અંતે રૂ.૩૯૦ (૨.૪૨ ટકા)ના ભાવઘટાડા સાથે રૂ.૧૫,૭૪૦ના સ્તરે બંધ થયો હતો.

કપાસનો એપ્રિલ-૨૧ વાયદો ૨૦ કિલોદીઠ રૂ.૧,૦૧૯.૫૦ ખૂલી, સપ્તાહ દરમિયાન ઈન્ટ્રા-ડેમાં ઊપરમાં રૂ.૧,૦૩૫ અને નીચામાં રૂ.૧,૦૦૦ સુધી જઈ, આગલા સપ્તાહનાં રૂ.૧,૦૩૨ના બંધ સામે સમીક્ષા હેઠળના સપ્તાહના અંતે રૂ.૩૦ (૨.૯૧ ટકા) વધી રૂ.૧,૦૦૨ના સ્તરે બંધ થયો હતો.

ક્રૂડ પામતેલ (સીપીઓ)નો જૂન વાયદો ૧૦ કિલોદીઠ રૂ.૭૦૩ ખૂલી, સપ્તાહના અંતે રૂ.૧૮.૧૦ (૨.૫૮ ટકા) વધી રૂ.૭૧૮.૩૦ બંધ થયો હતો. આ વાયદો સપ્તાહ દરમિયાન ઊપરમાં રૂ.૭૩૬.૭૦ અને નીચામાં રૂ.૭૦૨.૬૦ બોલાયો હતો.

એલચીના વાયદાઓમાં જુલાઈ વાયદો કિલોદીઠ રૂ.૧,૩૪૦ ખૂલી, સપ્તાહ દરમિયાન ઊપરમાં રૂ.૧,૩૬૦ સુધી જઈ, સપ્તાહના અંતે રૂ.૨૬.૭૦ (૨.૦૪ ટકા) વધી રૂ.૧,૩૩૬.૨૦ના સ્તરે બંધ થયો હતો.

મેન્થા તેલનો જૂન વાયદો સપ્તાહના પ્રારંભે કિલોદીઠ રૂ.૯૯૬.૧૦ના ભાવે ખૂલી, સપ્તાહ દરમિયાન ઈન્ટ્રા-ડેમાં ઊપરમાં રૂ.૧,૦૧૯ અને નીચામાં રૂ.૯૮૫ બોલાઈ, સપ્તાહના અંતે ૯૦ પૈસા (૦.૦૯ ટકા) ઘટી બંધમાં રૂ.૯૯૨.૫૦ના ભાવ થયા હતા.

# ઝાલોદ તાલુકાના લીમડી ગામે તમાકુ નિયંત્રણ અધિનિયમનો ભંગ કરનાર સામે દંડનીય કાર્યવાહી



અભેસિંહ રાવલ દાહોદ, તા. ૨૬

દાહોદ જિલ્લાના તમાકુ નિયંત્રણ ટાસ્ક ફોર્સે આજ રોજ ઝાલોદ તાલુકાના લીમડી ગામે તમાકુ નિયંત્રણ અધિનિયમનો ભંગ કરનાર સામે દંડનીય કાર્યવાહી કરી હતી. જે અંતર્ગત કુલ ૧૦૭ કેસ નોંધી રૂ. ૪૩૭૫૦નો દંડ ફટકારયો છે. કાર્યવાહી જીલ્લા વિકાસ અધિકારી શ્રી રચીત રાજ, મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડો.આર. ડી.પહાડીયા, એપેડેમીક મેડીકલ ઓફિસર ડો. ડી.એન.પટેલ, ઝાલોદ તાલુકા આરોગ્ય અધિકારી ડૉ. ડી.કે. પાન્ડેના માર્ગદર્શન હેઠળ જીલ્લા તમાકુ નિયંત્રણ ટાસ્ક ફોર્સ-સ્કોર્ડે હાથ ધરી હતી અને સરપ્રાઇઝ ચેકિંગ-રેડ કરવામાં આવી હતી.

જેમા એન.ટી.સી.પી. ટીમ જીલ્લા પંચાયત-દાહોદ, લીમડી તાલુકા આરોગ્ય વિભાગ અને પોલીસ તંત્રની સંયુકત ટીમ બનાવીને સહિયારા પ્રયાસથી તમાકુ નિયંત્રણ અધિનિયમ ૨૦૦૩ કાયદાની અમલવારી અને દંડ વસૂલાત તેમજ જાહેર સ્થળો પર પ્રતિબંધ અને જનજાગૃતિ માટે કામગીરી કરવામાં આવી જે અંતર્ગત COTPA-2003 ની હેઠળ કલમ ૬ (અ) કલમ ૭ હેઠળ કુલ ૧૦૭ કેસ નોંધી કુલ રકમ રૂા. ૪૩,૭૫૦ /- ની દંડનીય કામગીરી કરવામાં આવી છે.

# કપરાડા તાલુકામાં શિક્ષક સંઘના હોદ્દેદારો અને તાલુકા શિક્ષણ અધિકારી માસ્ક અને સોશ્યલ ડિસ્ટન્સના ફોટો વાયરલ

સતિષ પટેલ
બ્યુરો ચીફ વલસાડ

વલસાડ જિલ્લાના કપરાડા તાલુકા પંચાયતની શિક્ષણ શાખામાં તાલુકાના શિક્ષણ વિભાગની ટિમ દ્વારા સોશ્યલ ડિસ્ટન્સનો અભાવ અને માસ્ક વગર ના ફોટા પાડી વાયરલ કરવામાં અવિયા



સમગ્ર દેશમાં ગુજરાત રાજયમાં કોરોના ની મહામારી હાહાકાર મચાવ્યો છે. કપરાડા તાલુકા શિક્ષણ અધિકારી ઈન્ચાર્જ પ્રકાશ પટેલ છેલ્લા ચાર વર્ષથી કાર્યરત હતા. જેનો વિધિવત તાલુકાકક્ષાએ બી.આર.સી. ભવન ખાતે વિદાય સન્માન કરવામાં આવિયો હતો. પરંતુ હજુ આ મહાશય આજ રોજ ચાલુ સ્કૂલના સમયે શિક્ષક સંઘનાં હોદ્દેદારો સાથે કપરાડાની શિક્ષકોની બહુચર્ચિત કેન્દ્ર શાળા મોટાપોઢા અન્ય શાળાઓ માં જઈ પોતાનું અને સ્કૂલમાં શિક્ષકો નું સન્માન કરવામાં આવ્યું હતું. પોતે અધિકારી હોઈ તો શિક્ષકોને સન્માનિત કરવા માટે કેમ જરૂર પડી એવું જાણવા મળ્યું કે પોતાની કાર્યકાળ દરમિયાન જે વહીવટી માં થયેલ ગેરરીતિઓ કોઈ શિક્ષકો બોલી ના શકે તે માટે ચર્ચામાં આવ્યુ છે.

ખાશ તપાસ નો વિષય છે તાલુકા વિકાસ અધિકારીની રહેમ નજર તાલુકા પંચાયતની શિક્ષણ વિભાગની કચેરીમાં સંઘના હોદ્દેદારો અને પૂર્વ તાલુકાના શિક્ષણ અધિકારી ઈન્ચાર્જ પ્રકાશ પટેલ હાલમાં ઈન્ચાર્જ ધનશુખભાઈ પટેલ ની ટીમ દ્વારા જે ફોટો શેશન કરી વિવિધ ગ્રુપમાં વાઈરલ ફોટો કરવામાં આવ્યો છે.તાલુકાના એક ઈન્ચાર્જ માટે એવા તાયફા આજની પરિસ્થિતિમાં કેટલાક અંશે યોગ્યતા કહેવાય .વલસાડ જિલ્લાના કલેક્ટર દ્વારા કરવામાં આવેલ જાહેરનામા ભંગનો ગુનો બની શકે જેની યોગ્ય તપાસ હાથ ધરવામાં આવે અને પોલીસે દ્વારા એપેડેમીક એકટ મુજબ ધરપકડ કરી સમગ્ર વિસ્તારમાં લોકોમાં એક ઉદાહરણ તરીકે સાબિત થઇ શકે એવા વહીવટી તંત્ર દ્વારા કરવામાં આવે એ સમયની માંગ ઉઠી છે.

## રાજકોટ શહેર કોંગ્રેસ સમિતિ દ્વારા શહીદોને સલામ આપી

# ભારત દેશના જવાનો ચીન સરહદે શહીદ થયા તેઓને શ્રદ્ધાંજલિ આપી : અશોક ડાંગર




રાજકોટ શહેર કોંગ્રેસ સમિતિની યાદીમાં જણાવ્યું છે કે ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખશ્રી અમિતભાઈ ચાવડાની સુચના અનુસાર તા.૨૬/૦૬/૨૦૨૦ના રોજ શહીદોને સલામ દિવસ હોય રાજકોટ શહેર કોંગ્રેસ સમિતિ દ્વારા ચીન સરહદે શહીદ વીર જવાનોને શ્રદ્ધાંજલિ આપવામાં આવેલ તેમજ ભારતીય સેનાને સમર્થનની ભાવનાથી પૂજ્ય મહાત્મા ગાંધીજીની પ્રતિમા પાસે શહેર કોંગ્રેસ સમિતિ દ્વારા શ્રદ્ધાંજલિ આપવામાં આવી હતી જેમાં રાજકોટ શહેર કોંગ્રેસ પ્રમુખ અશોકભાઈ ડાંગર, રાજકોટ મહાનગરપાલિકાના વિરોધપક્ષના નેતા વશરામભાઈ સાગઠીયા, ગુજરાત પ્રદેશ મહિલા કોંગ્રેસ પ્રમુખ ગાયત્રીબા વાઘેલા, શહેર કોંગ્રેસ પૂર્વ પ્રમુખ મહેશભાઈ રાજપૂત, જશવંતસિંહ ભટ્ટી, આગેવાનો પ્રદીપભાઈ ત્રિવેદી, દિનેશભાઈ મકવાણા, રહીમભાઈ સોરા, સુરેશભાઈ બથવાર, મુકેશભાઈ ચાવડા, ફ્રન્ટલ-સેલ ચેરમેન ભાવેશભાઈ ખાચરિયા, મનીષાબા વાળા, રાજેશભાઈ આમરણયા, આશિષસિંહ વાઢેર, રોહિતસિંહ રાજપૂત, નરેશભાઈ સાગઠીયા, કોર્પોરેટર દિલીપભાઈ આસવાણી, પરેશભાઈ હરસોડા, વિજયભાઈ વાંક, સંજયભાઈ અજુડીયા, જાગૃતિબેન ડાંગર, રવજીભાઈ ખીમસુરીયા, હારૂનભાઈ ડાકોરા, ઘનશ્યામસિંહ જાડેજા, જયાબેન ટાંક, નીલેશભાઈ મારું, પ્રમુખ રમેશભાઈ જુન્જા, કૃષ્ણદત્ત રાવલ, તુષારભાઈ દવે, અલ્પેશભાઈ તોપિયા, રાજેશભાઈ કાપડિયા, કેતનભાઈ જરીયા, મહેન્દ્રભાઈ શ્રીમાળી, ગીરીશભાઈ ઘરસંડિયા, કેતનભાઈ તાળા, મેપાભાઈ કણસાગરા, દીપુલભાઈ સાવલીયા, દર્શનભાઈ ગોસ્વામી, દીપકભાઈ ઘવા, પૂર્વ ડેપ્યુટી મેયર મોહનભાઈ સોજીત્રા, પૂર્વ કોર્પોરેટર પ્રવીણભાઈ સોરાણી, આગેવાન અશોકસિંહ વાઘેલા, પરસોતમભાઈ સગપરીયા, પ્રભાતભાઈ ડાંગર, રવી ડાંગર, ગોપાલ મોરવાડિયા, દિપ્તીબેન સોલંકી, દુરીયાબેન મુસાણી, વગેરે ઉપસ્થિત રહ્યા હતા. તેવું કોંગ્રેસ કાર્યાલય મંત્રી વિરલ ભટ્ટ ની અખબારી યાદી જણાવે છે.

# ન્યૂઝ ઓફ ગાંધીનગર સાહિત્ય વિભાગ..

## આયોજક : પ્રદીપ રાવલ....ગ્રુપ સંચાલક : જીજ્ઞા કપુરિયા

ન્યુઝ ઓફ ગાંધીનગર.

(સાહિત્ય વિભાગ મા ૩૦ જૂન.૨૦ તારીખ સુધી મેમ્બર થવા માટે રૂ.૨૦૦ મેમ્બર શીપ,તે પછી આવનાર ને રું.૫૦૦ ડીસે.૨૦૨૧ સુધીના ચાર્જ લાગશે..તંત્રી)

-----------------------------------------------

એડમીન ગ્રુપ ટીમ
ગ્રુપ સંચાલક : જીજ્ઞા કપુરિયા
નિર્ણાયક શ્રી : જયશ્રી પટેલ,વંદના વાણી,કિશોર ઠક્કર
સહ નિર્ણાયક શ્રી : આરતી મરચંટ,આરતી રામાણી
સહ સંચાલક : પ્રણવ ઝાંખર.મનીષ વોરા
ગ્રાફિક્સ,ડીઝાઇન : પ્રણવ ઝાંખર

-----------------------------------------------

ન્યુઝ ઓફ ગાંધીનગર.સાહિત્ય વિભાગ...
કચ્છી નવું વર્ષ, અષાઢી બીજ નિમિત્તે કચ્છી ભાષાની મોજ માણો....

'માડી'

ફેસબુક તે હકડો છોરો પંટજી 'માડી'જો ફોટુ વજીને લખે ક :-

'માડી'લા આઉં કોરો લખાં, જે મૂકે લખે આંય,'

કમેન્ટ જે ત ખાને મે ,ધલજી ઇમોજી નમનજો, ગુંગે જો ચતર, ધજ હેડી મડે લખેલી ને કોપીપેસ્ટ કરેલી ટપ્પણીયું વરસેલા લગયું.ઘણે વખત સુધી આભાર, પ્રતિ:-આભાર જેડી ઓપચારિકતા જે વચ્ચે થઇ,અગીયા અચીને હી છોરેજી માડી પણ કેમેન્ટ જે ખાને મેં ધબકી પઈ.

મોઆ, રોઆ.... તું કોરો લખને મું મથે ..! તું હકડે નંમર જો નકામો, કુડો અંઇએ. મુંઆ તેરો(૧૩) વરે સુધી ત તું તોજો લેસન પણ તોજી માડી વટા પૂરો કરાય આય.

તોજી માડી મડે કમ છડીને, તોજો લેસન કરી ડને ત કે, તોકે નિશાળ મેં માર ન પે. તોજે વસમે કી નાય લખેજો... પોતર મુજા, તું તા રોગા ગેલેરી મે થી ચતર કઢ અને વજ.જે છોરો ખાઇને કેર પણ પંઢજી થારી ધુઇને નાય ઓપાડે ને ટુઆલથી મો સાફ કરેજી બધલે, મુંજે છાલ સે મોં સાફ કે આંય, હી કોરો લખધો ..! જે પંઢજી છપાટ પણ ખોખે મેં થી કઢેજી કુડાઇ કઇને મુજી વડી છપાટ પે'રીને રમેલા ભજી વનધો હોય..

જે વછાણ તે ઘણો વખત સુધી મોતર રોકીને પ્યો રોધો વો, ને માડી મુકે કેર પંટજે ઓખણમેં ઓપાડીને મોતર કરાઇને પાછો વછાણ તે સોમારી દે. હી કોરો લખધો ભલાં....

પોતર હાણે તોજી પોસ્ટ પણ મુકે જ લખણી પોંધી ... કી.. ક તો કે મુજો હેવા થઈ વ્યો આય.

કુડા....બ્યો કી લખી ડિયા ક બ વેણ પણ તું મુલા કરીને લખને હાણે..!

"હિરછાંય"
છાયા શાહ.. મુંબઈ.

-----------------------------------------------

શીર્ષક : આત્મહત્યાને કહો ના!

થ્રી ઇડિયત મુવીનો ખુબ જ ફેમસ ડાયલોગ છે કે "યહાં કિતના પ્રેશર પડતા હોગાકી યહાં પ્રેશર કરનેકો જી ચાહતા હે" હા એ મગજ પર ઇશારો કરે છે જ્યારે મગજ કશું સહન નહિ કરી શકતું હોય ત્યારે જ એ ગળા પર પ્રેશર કરી જિંદગીનો અંત આણવાનો વિચાર કરે છે. સુશાંત સિંહ રાજ્પૂત જ નહિ હું દરેક એ વ્યક્તિ માટે દુઃખી છું કે જે આત્મહત્યા કરવા પ્રેરાય છે. આખરે કેમ? કેમ તમે જીવનને પ્રેમ નથી કરી શકતા? જીવનમાં પોતાનું પ્રિય પાત્ર ન મળવું? યોગ્ય નોકરી ન હોવી, માથે દેવું હોવું, ઝઘડાળુ કે પછી શંકાશીલ પતિ કે પત્ની હોવું આ બધું જ એક ચોક્કસ સમયે બદલાય છે. કુદરત એક ચોક્કસ સમયે તમને ને પાત્ર ગમતું હોય એના કરતાં પણ વધુ પ્રેમ કરનાર કોઈકનું નિર્માણ કર્યું જ હોય છે જે એના યોગ્ય સમયે મળી જ જાય છે તમને. જીવનમાં જ્યારે સુખ અને દુઃખ જરૂર કરતાં વધારે આવી જાય છે ત્યારે એને વહેંચવું ખૂબ જરૂરી બની જાય છે અને જીવનમાં મિત્ર હોવા એના જેવી બીજી કોઈ સોગાદ નથી જીવનની તો દિલ ખોલીને મિત્ર સાથે વાત કરી લેવી. અને હાં આવી વાત એવા મિત્રને કહેવી જે આપણને સમજે, સાંભળે જજ કર્યા વગર.

ભાવના પટેલ."વલસાડી વાદળ"
ગાંધીનગર.NG/20

-----------------------------------------------

Father's Day Special
NG/0030

સ્પર્ધા વિભાગ : પદ્ય / મૌલિક રચના
શીર્ષક : પપ્પા તમારી અહેમીયત સમજાઈ...

જ્યારે થયો હું મોટો મને ક્યાં હતી ખબર કે,
મારા જીવનનું એ થયેલું મોટું ઘડતર છો તમે.
ના કર્યું મેં ખોટું ક્યારેય ત્યારે ના સમજાયું કે,
મારામાં કરેલા એ સંસ્કારોનું ચણતર છો તમે.
થઈ ગઈ મારાથી ભૂલ મોટી તો સમજાયું કે,
મને આપેલી એ શીખમણોનું ગણતર છો તમે.
મે જ્યારે મેળવ્યું બધું ત્યારે તો અનુભવાયું કે,
મારી કરેલી દુઆનું એ મળેલું વળતર છો તમે.
જ્યારે કહેવાયા અમે સંતાન તમારા તો થયું કે,
અમને ઉછેરીને કરેલું એ મોટું લણતર છો તમે.

શ્રધિરેનકુમાર કે. સુથાર "ધીર?"
"D.K......" - વડોદરા

-----------------------------------------------

ન્યૂઝ ઓફ ગાંધીનગર સાહિત્ય વિભાગ

ID : NG 0027

કરંટ ટોપિક :- ભારત-ચીન સરહદે વીરગતિ પામેલા વિરો

૧૫મી જૂન ૨૦૨૦ની રાત્રે એક પણ ગોળી છૂટ્યા વગર ભારત-ચીનની સેના વચ્ચે થયેલી હિંસક ઝડપમાં મોટા પાયે જાનહાની થઈ.એમાં વીરગતિ પામેલા આપણાં ૨૦ અકલ્પનીય બહાદુરી ધરાવતા પુત્રો વિશે જાણીએ.જેમણે દેશ માટે પોતાના જીવનું બલિદાન આપ્યું.

(૧) કર્નલ બી સંતોષબાબુ
૧૬ બિહાર રેજીમેન્ટના કમાન્ડિંગ ઓફિસર હતા. તે તેલંગણાના હૈદરાબાદના રહેવાસી હતા.

(૨) નાયબ સુબેદાર મનદીપસિંહ
૨ મીડિયમ રેજીમેન્ટના મેમ્બર હતા. તે પંજાબના પટિયાલાના રહેવાસી હતા.તે ૧૯૯૭માં ભારતીય સેનામાં ભરતી થયા હતા.

(૩) હવાલદાર કે પલાની
૮૧ ફિલ્ડ રેજીમેન્ટના સદસ્ય હતા.તે તામિલનાડુના મદુરાઈના રહેવાસી હતા.

(૪) હવાલદાર વિપુલ રોય
૮૧ માઉન્ડ બ્રિગેડ સિગ્નલ કંપનીના સદસ્ય હતા.તે યુપીના મેરઠના નીવાસી હતા.મૂળ વેસ્ટ બંગાળના અલીપુર દ્વાર જિલ્લાના રહેવાસી હતા.તેઓ ૨૦૦૩માં ભારતીય સૈન્યમાં જોડાયા હતા.

(૫) સિપાહી કુંદનકુમાર ઓઝા
બિહારના ભોજપુરના બીહિયા સ્ટેશન ક્ષેત્રના પહરપુર ગામના રહેવાસી હતા.તેઓ ૨૦૧૨માં ભારતીય સૈન્યમાં જોડાયા હતા.

(૬) સિપાહી અમનકુમાર
બિહારના સમસ્તીપુર જિલ્લાના રહેવાસી હતા.તેઓ ૨૦૧૪માં ભારતીય સૈન્યમાં જોડાયા હતા.

(૭) દીપકકુમાર
૧૬ બિહાર રેજીમેન્ટના સદસ્ય હતા.તેઓ ૨૦૧૨માં ભારતીય સૈન્યમાં જોડાયા હતા.

(૮) સિપાહી ચંદનકુમાર
બિહારના ભોજપુર જિલ્લાના રહેવાસી હતા. તેઓ ૨૦૧૭માં ભારતીય સૈન્યમાં જોડાયા હતા. તેમના ૩ બીજા ભાઈઓ પણ હાલ આર્મીમાં છે

(૯) સિપાહી રાજેશ ઓરાંવ
૧૬ બિહાર રેજીમેન્ટના સદસ્ય હતા.પશ્ચિમ બંગાળના બિરભૂમના રહેવાસી હતા.તેઓ ૨૦૧૫માં ભારતીય સૈન્યમાં જોડાયા હતા.

(૧૦) સિપાહી ગણેશરામ
૧૬ બિહાર રેજીમેન્ટના સદસ્ય હતા.છત્તીસગઢના કાંકેરના રહેવાસી હતા.તેઓ ૨૦૧૧માં ભારતીય સૈન્યમાં જોડાયા હતા.

(૧૧) સિપાહી સી કે પ્રધાન
૧૬ બિહાર રેજીમેન્ટના સદસ્ય હતા.તે ઓડિશાના કંધમાલના રહેવાસી હતા.

(૧૨) નાયબ સુબેદાર નંદુરામ
૧૬ બિહાર રેજીમેન્ટના સદસ્ય હતા.તે ઓડિશાના મયૂરભંગના રહેવાસી હતા.

(૧૩) હવાલદાર સુનિલકુમાર
૧૬ બિહાર રેજીમેન્ટના સદસ્ય હતા.તે બિહારના પટણાના રહેવાસી હતા.

(૧૪) સિપાહી ગુરતેજસિંહ
૩ પંજાબ રેજીમેન્ટના સદસ્ય હતા.તે પંજાબના મનસાના રહેવાસી હતા.તેઓ ૨૦૧૮માં ભારતીય સૈન્યમાં જોડાયા હતા.

(૧૫) અંકુશ
૩ પંજાબ રેજીમેન્ટના સદસ્ય હતા.તે હિમાચલ પ્રદેશના હમીરપુરના રહેવાસી હતા.તેઓ ૨૦૧૮માં ભારતીય સૈન્યમાં જોડાયા હતા.

(૧૬) સિપાહી ગુરવિંદરસિંહ
૩ પંજાબ રેજીમેન્ટના સદસ્ય હતા. તે પંજાબના સંગરુરના રહેવાસી હતા.તેઓ ૨૪ માર્ચ ૨૦૧૮ના રોજ ભારતીય સૈન્યમાં જોડાયા હતા.

(૧૭) નાયબ સુબેદાર સતનામસિંહ
૩ મીડિયમ રેજીમેન્ટના સદસ્ય હતા.તે પંજાબના ગુરુદાસપુરના રહેવાસી હતા.તેઓ ૧૯૯૫માં ભારતીય સૈન્યમાં જોડાયા હતા.

(૧૮) સિપાહી ગણેશ હંસદા
તે ઝારખંડના પૂર્વીસિંહ ભૂમના રહેવાસી હતા.૧૬ સપ્ટેમ્બર, ૨૦૧૮ના રોજ ભારતીય સૈન્યમાં જોડાયા હતા.

(૧૯) સિપાહી જયકિશોરસિંહ
૧૨ બિહાર રેજીમેન્ટના સદસ્ય
આભાર - નિહારીકા રવિયા હતા.તે બિહારના વૈશાલીના રહેવાસી હતા.તેઓ ૨૦૧૮માં ભારતીય સૈન્યમાં જોડાયા હતા.

(૨૦) કુંદનકુમાર
૧૬ બિહાર રેજીમેન્ટના સદસ્ય હતા.તે બિહારના સહરસાના રહેવાસી હતા.તેઓ ૨૦૧૨માં ભારતીય સૈન્યમાં જોડાયા હતા.

આપણા આ વીર જાંબાઝ સૈનિકોને કોટી કોટી વંદન.આ વીરોએ ચીની સૈનિકોને સારો એવો પાઠ ભણાવ્યો છે. વિરોની વીરગતિ અને આવા વીર સપૂતો પર હંમેશા ભારતીયોને ગર્વ છે.આપણા તિરંગાની શાન એવા ખરેખર આ વીર સપૂતો અને તેઓની જનેતાઓને મારા સત સત પ્રણામ.તેમની વીરગતિના ભારણથી દેશની દરેક આંખ ભીની થઈ ગઈ છે.

જ્યોતિ આચાર્ય..અમદાવાદ

-----------------------------------------------

NG/0026

વિભાગ ગદ્ય
કરંટ ટોપીક
શીર્ષક આત્મહત્યા

મારા મતે - આત્મહત્યા!!

પ્રભુએ આપેલી એક મહામૂલી ભેટ, એટલે માનવીની જિંદગી. ! તો પછી શા માટે કોઈકવાર, કોઈ પણ આ જીવનથી કંટાળી જાય છે?? કે પછી જીવનમાં આવતાં ઉંચા કે નીચા પ્રવાહના વ્હેણે તરવામાં અસમર્થ બને છે?? શું જીવવાની કળા પરથી પોતાનો આત્મવિશ્વાસ ખોઈ બેસે છે??? શા માટે? તો પછી આને માટે કોણ જવાબદાર છે?? કોઈ પણ એક વ્યક્તિ વિશેષ કે પછી આખુંય માફિયાઓનું ટોળું?? મને લાગે છે કે કોઈ પણ ફિલ્ડમાં આજે પોતાને યોગ્ય સાબિત કરવા માટે માનવને ગળાકાપ હરિફાઈ માંથી પસાર થવું પડે છે. દરેક ક્ષેત્રમાં! હજારો, લાખો લોકો પોતપોતાના લાભમાટે હંમેશા પ્રયત્નશીલ રહે છે. અને ખરું કહું તો એકબીજાના ગળા પર પગ મૂકતાં પણ અચકાતા નથી. જેને આપણી ભાષામાં "કોઈનાં ટાંટિયા ખેંચવા." એમ કહેવાય છે. તો પછી અહીં આત્મહત્યા ક્યાં આવી?? હા, એજ મુદ્દાપર આવું છું. તમારી આ હરિફાઈમાં, તમારી સાથેના, પાસેના જેઓને એજ ચિંતા રહે છે કે તમે આગળ નિકળી જશો ને એ પાછળ રહી જશે. ત્યારબાદ કોઈપણ બાબતે એ તમારો બહિષ્કાર કરવા માટેનાં પાસાઓ, વસ્તુઓ, પરિસ્થિતિઓ શોધે છે. અને પોતાના જેવી એક અલગ ટોળી ઉભી કરે છે. જેઓમાં ભારોભાર નફરત, અદેખાઈ, ઘૃણા ભરેલી હોય છે. અને દાવ મળતાં જ તેઓ સંપૂર્ણ રીતે તમારો બહિષ્કાર કરે છે.

અને તમે જ્યારે ચારેય બાજુથી નિરાશા ઘેરી વળે ત્યારે એ બોજથી, ચીંતાથી ઘેરાયેલા હો ત્યારે સાચું કે ખોટું શું? તેની સમજ ગુમાવી બેસો છો. જેને આજની ભાષામાં "ડીપ્રેશન" કહેવાય છે.! આવી માનસિક સ્થિતિમાં માણસ પોતે શું કરી બેસે, તેનું ભાન રહેતું નથી. અને ત્યારબાદ "આત્મહત્યા" કરવા પ્રેરાય છે. એ વ્યક્તિ વિશેષને એ પળ, એ ક્ષણ ખરેખર જીવલેણ સાબિત થાય છે! જેથી એ કંઈ પણ વિચાર્યા વગર અંતિમ છૂટકારા રુપે પોતે આત્મહત્યા કરી બેસે છે. અને પોતાની જાતને ડર, ચીંતા, જવાબદારીમાંથી મુક્ત કરી દે છે! આને માટે એ જ લોકો જવાબદાર છે કે જે લોકો મરનાર વ્યક્તિનું કામ - કાજ છીનવી લે છે! અને આત્મહત્યા કરવા પ્રેરે છે. એક જાતનું મારી દ્રષ્ટિએ "માફિયારાજ". આ એકજ શબ્દ ઉચિત જણાય છે.! ગામના લોકો, સંસ્થાઓ ચાર દિવસ વાત કરીને બધું ભૂલી જશે. પણ! મા- બાપ, ભાઈ-બહેન, પતિ-પત્ની, પરિવારનું શું?? છે સમય કોઈ પણ ને એ વિચારવાનો??? કોઈ વિચારતું નથી. નવો કોઈ બનાવ બને તો નવેસરથી ઉહાપોહ કરવો! પણ આ ચર્ચાનો અંત??? અંત વિષે તો કોઈ પણ વિચારતું નથી. આત્મહત્યને કોણ રોકી શક્યું છે?? કોણ રોકશે??

હું?? તમે?? કે પછી આપણે બધાં?? જરુરથી વિચારજો દોસ્તો! અસ્તુ!

અંજના ગાંધી " મૌનું "

-----------------------------------------------

NG:0012

સ્પર્ધા વિભાગ : પદ્ય /અછાંદસ
કરંટ ટોપિક : કોરોના અને સાંપ્રત
તા. ૨૫/૬/૨૦૨૦
શીર્ષક / ઓ....કોરોનાના કાળ..!!

છેલ્લે સંવેદનાઓ ક્યારે ઝળહળી 'તી..?
'મા'ની વેદનામાં ક્યારે ભળી હતી?
પત્નીના પાલવમાં બાળકો છેલ્લે ક્યારે છૂપાયા હતાં?
છેલ્લે ક્યારે જાતે ચ્હા બનાવી હતી?
ક્યારે દીકરીના બંન્ને હાથ પકડી પગની પાનીની ઉપર ઊભી રાખી ઝૂલાવી એના ખનકતા નિર્દોષ હાસ્યને આંખોમાં ઝીલ્યું હતું?
ક્યારે વ્હાલાં ભૂલકાંઓને પ્રેમથી સાથે બેસાડી
અડકો - દડકો રમ્યા હતા, બાળવાર્તા, બાળગીતો સંભળાવ્યાં હતાં ?
છેલ્લે ક્યારે પિતાને ાણીનો ગ્લાસ ભરીને પાણી આપ્યું હતું? ક્યારે દાદાના ખાટલાની પાંગતે બેસીને પગ દબાવ્યા હતા? અને ક્યારે ખૂણામાં પડેલી લાકડી લઈને એમના હાથમાં આપી હતી?
ક્યારે દાદીના ચશ્મા લૂછીને જાતે પહેરાવ્યાં હતાં?
છેલ્લે ક્યારે મે જે મેજ પર બેસીને કાયમ લખતા હતા એ કાચને જાતે લૂછ્યો હતો?
ક્યારે ટેલિવિઝનની પટ્ટીઓ પર રહેલી ધૂળને સાફ કરી હતી?
ક્યારે તમે સોફામાં બેસીને ઊભા થયા પછી પડેલા સળને સરખા કર્યા હતા?
છેલ્લે ક્યારે પત્ની કે પતિની આંખમાં નિરાંતે આંખ નાખી "હું તને બેહદ ચાહું છું "નો
સંવાદ કર્યો હતો?
છેલ્લે ક્યારે બાલ્કનીમાં લટકેલી પરબડીને ધોઈને જાતે પાણી ભર્યું હતું? છેલ્લે ક્યારે અરીસા સાથે નિરાંતે વાતો કરી હતી?
આવું તો કેટકેટલું તેં કરવાનો મોકો આપ્યો
ઓ....કોરોનાના કાળ... !!!

- ડો. નિષાદ ઓઝા "અમન"

CYMK

## મોડાસાની સર્વોદય બેંકના કર્મીને કોરોના ભરખી ગયો

# મોડાસામાં કોરોના સદીથી માત્ર ત્રણ કેસ દૂર, અરવલ્લીમાં કોરોનાની બેવડી સદી ૨૦૫ લોકો કોરોનામાં સપડાયા

અરવલ્લી બ્યુરો મોડાસા

અરવલ્લી જીલ્લામાં કોરોનાનો કહેર યથાવત જોવા મળી રહ્યો છે સતત વધી રહેલા કોરોનગ્રસ્ત દર્દીઓને પગલે જીલ્લામાં અત્યાર સુધી ૨૦૫ લોકો કોરોનાની ઝપેટમાં આવી ગયા છે જેમાં ૧૮ લોકોને કોરોના ભરખી જતા લોકોમાં ભય ફેલાયો છે મોડાસા શહેરની સર્વોદય સહકારી બેંકમાં રિટાયર્ડ ઓફિસર અને હાલમાં બેંકના લાઈટબીલ કલેક્શનમાં માનદ સેવા આપતાં ૫૯ વર્ષીય લિયાકત સૈયદ નામના કર્મચારીનું કોરોનાથી મોત નિપજતાં ભારે ચકચાર મચી છે

અરવલ્લી જિલ્લામાં કોરોનાએ અજગરી ભરડો લીધો હોય તેમ રોજે રોજ કેસોમાં વધારો થતો જાય છે. જેના કારણે જિલ્લાના લોકોમાં ભારે ફફડાટ ફેલાયો છે. અરવલ્લી જિલ્લામાં શુક્રવારના ગારુડી ગામે આધેડ કોરોના ગ્રસ્ત બન્યો હતો જિલ્લામાં કોરોનાથી લોકોમાં ભારે ફફડાટ ફેલાયો છે ત્યારે અરવલ્લીમાં કોરોના કેસ આવવા પાછળ તંત્રની સાથે લોકો પણ એટલા જ જવાબદાર છે. મોડાસા શહેરમાં જ અત્યાર સુધી ૯૭ ને આંકડો અડી ગયો છે. શહેરમાં લોકલ સંક્રમણનો ભરડો વ્યાપક બનયો હોય તેમ મોડાસા ઉત્તર ગુજરાતમાં નં-૧ પર પહોંચી શકે છે. સતત વધી રહેલા કેસથી જિલ્લાનું તંત્ર પણ ઉંધા માથે પછડાયું છે.કોરોનાનો કહેર દિવસે ને દિવસે ખૂબ જ વધી રહ્યો છે. ત્યારે અમદાવાદ અને રાજસ્થાનની વચમાં પીસાયેલ અરવલ્લીમાં બંને બાજુથી આવનાર લોકો કોરોના લઈને આવી રહ્યા હોવાનું મનાઈ રહ્યું છે. જિલ્લામાં લોકડાઉન ૧ થી લઈને લોકડાઉન ૩ સુધીમાં અધધ કહી શકાય એટલા કેસોમાં વધારો થયો છે. આરોગ્ય તંત્ર અને લોકોની ઢીલી નિતિને કારણે જિલ્લામાં ઉત્તરોત્તર કેસોમાં વધારો થયો છે. ત્યારે મોડાસા શહેરમાં અધધ કહી શકાય તેટલા ૯૭ કેસ પોઝીટીવ આવ્યા છે જયારે અરવલ્લી જિલ્લાનો આંકડો ૨૦૫ એ આંબી જતાં જિલ્લાવાસીઓ રીતસરના ફફડી તો ઉઠ્યા છે પરંતુ હજુ જાગૃત થયા હોય તેવું લાગતું નથી.

# દાહોદ આદિવાસી વિસ્તારોનો ઝડપી વિકાસ થાય એ માટે રાજય સરકાર કટિબદ્ધ : મંત્રી શ્રી ગણપતસિંહ વસાવા

## જિલ્લા આદિજાતિ વિકાસ મંડળની બેઠકમાં વર્ષ ૨૦૨૦-૨૧ માટે ૭૨૨૭.૯૩ લાખની રકમ સામે ૪૯૩૮ કામોને મંજૂરી



અભેસિંહ રાવલ દાહોદ, તા. ૨૬

દાહોદ જિલ્લાના પ્રભારી મંત્રી શ્રી ગણપતસિંહ વસાવાની અધ્યક્ષતામાં જિલ્લા આયોજન મંડળ અને જિલ્લા આદિજાતિ વિકાસ મંડળની બેઠક યોજાઇ હતી. જિલ્લા આયોજન મંડળની બેઠકમાં વર્ષ ૨૦૨૦-૨૧ માટે મળવાપાત્ર ૧૧ કરોડની રકમ સામે ૧૩૫૮ કામોને મંજૂરી આપવામાં આવી છે. જયારે જિલ્લા આદિજાતિ વિકાસ મંડળની બેઠકમાં વર્ષ ૨૦૨૦-૨૧ માટે મળવાપાત્ર ૭૨૨૭.૯૩ લાખની રકમ સામે ૪૯૩૮ કામોને મંજૂરી આપવામાં આવી છે.

બેઠકમાં મંત્રી શ્રી વસાવાએ જણાવ્યું કે, દાહોદ જિલ્લાને વિકાસની નવી ઊંચાઇએ લઇ જવા માટે સર્વે લોકપ્રતિનિધિ અને અધિકારીઓએ એક ટીમ બનાવીને કામગીરી કરવી જોઇએ. જિલ્લાના તમામ વિસ્તારોનો સર્વાંગી વિકાસ થાય, જિલ્લામાં રસ્તા, વિજળી, પાણી માટેના કામો ઝડપભેર અને ગુણવત્તાયુક્ત થાય એ માટે સૌના સહિયારા અને સઘન પ્રયાસોની જરૂર છે. આદિવાસી વિસ્તારોનો ઝડપી વિકાસ થાય એ માટે રાજય સરકાર કટિબદ્ધ છે અને કોરોના મહામારી હોવા છતા પણ આદિવાસી વિસ્તારોના વિકાસ કાર્યો માટે સરકાર દ્વારા કોઇ બજેટકાપ મૂકવામાં આવ્યો નથી.

બેઠકમાં જિલ્લામાં ગત વર્ષે કરવામાં આવેલી કામગીરીની સમીક્ષા કરવામાં આવી હતી. જિલ્લામાં પૂર્ણ કરવામાં આવેલા કામો, પ્રગતિ હેઠળના કામોની ઝીણવટપૂર્વકની સમીક્ષા કરાઇ હતી.

બેઠકમાં મંત્રી શ્રી બચુભાઇ ખાબડે પાણી, સિંચાઇ સહિતની બાબતો માટે પોતાના સૂચનો રજૂ કર્યા હતા. સાંસદ શ્રી જશવંતસિંહ ભાભોરે રસ્તા, વીજળી સહિતની બાબતો માટે જરૂરી સૂચનો કર્યા હતા. કલેક્ટર શ્રી વિજય ખરાડીએ જિલ્લાના વિકાસ કાર્યો બાબતે મંત્રીશ્રીને માહિતગાર કર્યા હતા. બેઠકમાં જિલ્લા પંચાયત પ્રમુખ શ્રી યોગેશભાઇ પારગી, ધારાસભ્ય સર્વ શ્રી ચંદ્રિકાબેન બારીયા, શ્રી વજેસિંહભાઇ પણદા, શ્રી રમેશભાઇ કટારા, શ્રી શૈલેષભાઇ ભાભોર, સર્વ તાલુકા પંચાયતના પ્રમુખશ્રીઓ, જિલ્લા વિકાસ અધિકારી શ્રી રચિત રાજ, જિલ્લા આયોજન અધિકારી શ્રી કે.એસ.ગેલાત, પ્રાયોજના વહીવટદાર શ્રી બી.ડી. નીનામા,તમામ તાલુકા વિકાસ અધિકારીશ્રીઓ સહિતના અધિકારીઓ ઉપસ્થિત રહ્યાં હતા.

## મોડાસામાં સિવિલ હોસ્પિટલની માંગ સાથે કોંગ્રેસનું અલ્ટીમેટમ

# ૧૦ દિવસમા હોસ્પિટલના નિર્માણ માટે સંતોષકારક જવાબ નહિ મળે તો પ્રતીક ઉપવાસની ચીમકી

અરવલ્લી બ્યુરો મોડાસા



અરવલ્લી જીલ્લાના મુખ્યમથક મોડાસા શહેરમાં ૧૫૦ બેડની સિવિલ હોસ્પિટલ માટે ૪૫ કરોડ રૂપિયા સરકારે મંજુર કર્યા હતા જેમાં ૫ કરોડ રૂપિયા ફાળવણી પણ કરી દેવામાં આવી છે બે વર્ષ અગાઉ જીલ્લા કલેક્ટરે બાજકોટ ગામની સીમમાં ૨૦ એકર જમીન ફાળવી સિવિલ સર્જનને કબ્જો સોંપી દોઢ વર્ષમાં સિવિલ હોસ્પિટલ કાર્યરત કરી દેવાના દાવા કરવામાં આવ્યા હતા જોકે બે વર્ષ વીતી જવા છતાં સિવિલ હોસ્પિટલનું નિર્માણ અધ્ધરતાલ રહેતાં દર્દીઓની હાલત કફોડી બનતાં જીલ્લા કોંગ્રેસે થોડા દિવસ અગાઉ કલેક્ટરને આવેદનપત્ર આપ્યું હતું અને ધારાસભ્યોએ મુખ્યમંત્રી વિજય રૂપાણીને પત્ર લખી સિવિલ હોસ્પિટલનું ઝડપથી નિર્માણ કરવામાં આવેની રજુઆત કરી હતી ત્યારે ફરીથી શુક્રવારે જીલ્લાના કોંગ્રેસના બે ધારાસભ્ય, જીલ્લા પ્રમુખે કલેક્ટરને મળી રજુઆત કરી હતી અને ૧૦ દિવસમાં સીવીલ હોસ્પિટલના નિર્માણ અંગે સંતોષકારક જવાબ નહિ મળે તો પ્રતીક ઉપવાસ કરવામાં આવશેની ચીમકી ઉચ્ચારી હતી

અરવલ્લી જીલ્લાને સાબરકાંઠા જિલ્લામાંથી અલગ થયે ૭ વર્ષ જેટલો સમય થવા આવ્યો છતાં સિવિલ હોસ્પિટલ નું નિર્માણ ટલ્લે ચઢતાં જીલ્લાના ૧૧ લાખ જેટલા પ્રજાજનો અને ગરીબી રેખા હેઠળ જીવતા અનેક પરિવારો સિવિલ હોસ્પિટલના અભાવે ઉત્તમ અને નિઃશુલ્ક સુવિધાથી વંચિત રહેવાનો વારો આવ્યો છે કોરોના સહીત દિનપ્રતિદિન અનેક ગંભીર રોગોનું સંક્રમણ વધી રહ્યું હોય ખર્ચાળ બનતી જતી મેડિકલ સુવિધા માટે લોકોને દરબદર ભટકવું પડે છે મલ્ટીસ્પેશિયાલીટી કહેવાતી હોસ્પિટલો સામાન્ય બીમારીમાં પણ દર્દીઓના ખિસ્સા ખંખેરી લેતા હોવાના કિસ્સાઓ પણ સમયાંતરે ઉજાગર થાય છે શ્રમજીવી અને ગરીબ પરિવારો દેવું કરી મોંઘી સારવાર લેવા મજબુર બનવું પડતું હોય છે ત્યારે દર્દીઓને ઘર આંગણે નિઃશુલ્ક કે તદ્દન નજીવા દરે આરોગ્યલક્ષી સેવાઓ મળી રહે તે માટે સિવિલ હોસ્પિટલ અનિવાર્ય બની છે ત્યારે જીલ્લામાં ઝડપથી સિવિલ હોસ્પિટલનું નિર્માણ કરવામાં આવેની માંગ પ્રબળ બની છે

# અરવલ્લીની રતનપુરની સરહદે છેલ્લા ૨૫ દિવસમાં ૬૨૭૩ વાહનચાલકોનું હેલ્થ સ્કિનિંગ કરાયું

અરવલ્લી બ્યુરો મોડાસા

અરવલ્લી જિલ્લામાં કોરોનાનો વ્યાપ વધતા જિલ્લાની સરહદો પર ચેંકિંગ વ્યવસ્થા વધુ સઘન બનાવાઇ છે. અનલોક-વનની શરૂઆત બાદ રાજય સરકાર દ્વારા જિલ્લાની અંદર તેમજ આવશ્યક સેવાઓ સાથે જોડાયેલ ટ્રાન્સપોર્ટની સેવાઓ શરૂ કરાતા ગુજરાત અને રાજસ્થાનને જોડાતા અરવલ્લીની સરહદે લોકોનું સ્ક્રિનિંગ હાથ ધરવામાં આવ્યું છે. આ અંગે વિગત આપતા ભિલોડા તાલુકા આરોગ્ય અધિકારી શ્રી વૈષ્ણવે જણાવ્યું હતું કે, જિલ્લામાં કોરોના પોઝિટીવનો દર્દીઓની સંખ્યા ૨૦૦ને પાર પંહોચી ગઇ છે ત્યારે અન્ય જિલ્લાઓમાંથી આવતા અને પડોશી રાજય રાજસ્થાનમાંથી આવતા પ્રવાસીઓના આરોગ્યની ચકાસણી કરવી ખૂબ જરૂરી બની જાય છે જેને લઇ ,અરવલ્લી અને રાજસ્થાનને જોડતી રતનપુ સરહદ પર આરોગ્યની ટીમ રાઉન્ડથી કલોક કાર્યરત રહે છે. જેમાં જૂન માસના ૨૫ દિવસ દરમિયાન રતનપુર બોર્ડર પર રાજસ્થાન અને અન્ય પ્રાંતના તેમજ ગુજરાત રાજય આસપાસના જિલ્લાઓમાંથી ૬૨૭૩ ટ્રાન્સપોર્ટના માલવાહક તેમજ મુસાફરી અને ખાનગી વાહનોના વાહનચાલકોએ જિલ્લામાં પ્રવેશ કર્યો હતો. જેમાં મુસાફરી કરતા વાહનો સવાર ૧૭૦૭૮ પ્રવાસીઓના આરોગ્યની તપાસ હેલ્થની ૧૦ ટીમો દ્વારા સ્ક્રિનિંગ કરવામાં આવ્યું રહ્યુ છે.

# ઑલ ગુજરાત જનરલ મંજુર સેવા સંઘ દ્વારા કપરાડા મામલતદારને આવેદનપત્ર આપવામાં આવ્યું



કપરાડા : અજીત પટેલ

હાલમાં કોવિડ ૧૯ કોરોના મહામારીનો કહેર જોર શોરમાં ચાલી રહ્યો છે ત્યારે વર્તમાન સરકાર દ્વારા મંજુર વર્ગ ઉપર અનેક જગ્યાએ હુમલો કરવામાં આવ્યા હતા અને લોકડાઉનથી સર્જાયેલી મુશ્કેલીઓનો વિરોધમાં એ.આઇ.સી.સી.ટી.યુ (એકટુ) તરફ થી મજુરો ને ન્યાય, સમમાન હક અને અધિકારો માટે ઑલ ગુજરાત જનરલ મંજુર સેવા સંઘ કપરાડા દ્વારા મામલતદારશ્રીને આજરોજ આવેદનપત્ર આપવામાં આવ્યું હતું.

નોંધનીય છે કે, ઑલ ગુજરાત જનરલ મંજુર સેવા સંઘ દ્વારા મુખ્યત્વે માંગણીઓ જેવી કે ઘરે આવેલા તમામ પ્રવાસી મજૂરોને યોગ્ય તપાસ અને ઈલાજ સહિત સાધન-સંપન કવોરંટાઇન સેન્ટરો ઉભા કરવા, જે ઘરે જવા માંગે છે, તે તમામ પ્રવાસી મજૂરોને જવાની વ્યવસ્થા કરી આપવી, ઘરે આવેલા પ્રવાસી મજૂરો માટે ગૃહરાજ્યમાં રોજગારી ની વ્યવસ્થા ઉભી કરવી, પ્રવાસી મજૂરોના મૂળ કામની જગ્યાએ રોજગારીની વ્યવસ્થા ઉભી કરવી, દરેક પ્રવાસી મજૂરોને રાશનકાર્ડ અને ચૂંટણીકાઁડ અને તેમના પરિવારોને રહેવાની, સ્વાસ્થ્ય અને શિક્ષણની વ્યવસ્થા ઉભી કરવી, આંતર રાજ્ય પ્રવાસી મજુર કાયદો મજબૂત કરવો, તમામ અસંગઠિત મજૂરોને ખેતી, ગ્રામીણ અને પ્રવાસી મજૂરો સમિત પુરું લોકડાઉન વેતન અને ઓછામાં ઓછું છ મહિના સુધી રૂપિયા ૧૦,૦૦૦/- દરેક મહિને નિર્માણ ભથ્થું અને મફત રેશનીંગની વ્યવસ્થા ઉભું કરવું, મનરેગા ને મજબૂત બનાવવું અને મનરેગા મુજબ દરેક મજૂરોને વાર્ષિક ઓછામાં ઓછું ૨૦૦ દિવસનું કામ અને રૂપિયા ૫૦૦ દૈનિક મજૂરી આપવી વગેરે મુદ્દાઓને ધ્યાને લઈ કપરાડા મામલતદારને આવેદનપત્ર આપવામાં આવ્યું હતું.

# ચાણસ્મા નજીક બાતમીના આધારે કન્ટેનર માંથી અંદાજે ૩૦૦ પેટી પકડ્યો

(ધ્રુવ દવે.સિદ્ધપુર)

હાલમાં એકબાજુ કોરોના વાયરસની મહામારી ચાલી રહી છે. ત્યારે દારૂની હેરાફેરી કરતા ખેપિયાઓ સક્રિય બન્યા છે. ચાણસ્મા થી મોઢેરા રોડ ઉપર એક કન્ટેનર પર પરપ્રાંતીય દારૂ ભરી પસાર થવાની હોવાની વાત ખાનગી હકીકત ચાણસ્મા પોલીસ ને મળતાં ચાણસ્મા પીઆઇ શક્તિસિંહ ગોહિલે ખાનગી વોચ ગોઠવીને ગુરુવારે સાંજે ૬ વાગે બાતમી મળેલ કન્ટેનર તેને રોકી તપાસ કરતાં જુદી-જુદી જાતની દારુ ની પેટીઓ રુ ની આડશમાં મળી આવતાં ચાણસ્મા પોલીસ મથકે દારુ નો જથ્થો મુકવાની જગ્યા ના હોઇ પોલીસ ક્વાર્ટર ખાતે દારુ નો જથ્થો ઉતારવાની કામગીરી પોલીસ દ્વારા હાથ ધરવામાં આવી હતી.

પીઆઇ શું કહે છે ?

પીઆઇ ગોહિલે જણાવ્યું હતું કે ચાણસ્મા થી મોઢેરા રોડ ઉપર દારુ ભરી આઇસર કન્ટેનર પસાર થવાનું હોવાની ખાનગી હકીકત મળતાં ચાણસ્મા જશલપુર નજીક વોચમાં હતા. તે દરમિયાન બતમી ની હકીકત મુજબ આઇસર કન્ટેનર આવી પહોંચતાં તેને રોકી તપાસ કરતાં રુ ના જથ્થા નીચેથી અંદાજે ૩૦૦ પેટી ભારતીય બનાવટ ની અલગ અલગ જાતની દારુ ની પેટીઓ મળી આવતાં પોલીસ મથક દારુ નો જથ્થો રાખવા ની જગ્યા ના હોઇ પોલીસ લાઇન ખાતે કન્ટેનર લાવી દારુની પેટીઓ ઉતારી કામગીરી શરુ કરાઈ હોવાનું જણાવ્યું હતું .દારુના જથ્થા ની ગણતરી થઇ ગયા પછી દારુ નો જથ્થો કેટલો અને કેટલી કિંમત નો હશે તે જાણી શકાશે તેમ જણાવ્યું હતું .

# માલપુર પોલીસે મોડાસાના બુટલેગરને ૩૫ હજારના વિદેશી દારૂ સાથે કારમાં ખેપ મારતો દબોચ્યો

મહેન્દ્ર પટેલ અરવલ્લી બ્યુરો મોડાસા

મોડાસા શહેરમાં દિન-પ્રતિદિન વિદેશી દારૂના શોખીનો વધી રહ્યા હોવાથી બુટલેગરો પણ બિલાડીના ટોપની જેમ ફૂટી નીકળ્યા છે વિદેશી દારૂના ગેરકાયદેસર વેપલામાં રહેલા અધધ નફાના પગલે અનેક યુવાનો શોર્ટ કર્ટમાં રૂપિયા કમાવવા બુટલેગર બની રહ્યા છે ત્યારે મોડાસા શહેરમાં ટાઉન પોલીસની નિષ્ક્રિયતાના પગલે કે પછી આંખ આડા કરવાની ટેવના લીધે શહેરમાં ૨૦ જેટલા બુટલેગરો ઘરે થી અને હોમ ડીલેવરી મારફતે દારૂના રસિયાઓને દારૂ પીરસી રહ્યા છે શહેરમાં દારૂની રેલમછેલ રહેતા યુવાધન નશાના રવાડે ચઢી બરબાદ થઈ રહ્યું છે .માલપુર પોલીસે સોમપુર ત્રણ રસ્તા પાસેથી ડસ્ટન કારમાંથી ૩૫ હજારના વિદેશી દારૂ સાથે મોડાસા સુવિધા કોમ્પ્લેક્ષમાં રહેતા કિરણ પટેલને ઝડપી પાડી દારૂની ખેપ નિષ્ફળ બનાવી કાયદેસરની કાર્યવાહી હાથધરી હતી મેઘરજ પોલીસે ઉંડવા સરહદ પરથી સ્વીફ્ટ ડિઝાયર કારમાં ૨૮ હજારનો વિદેશી દારૂ ભરી પસાર થતા રાજસ્થાનના ઈન્દરસીંગ રાવ નામના બુટલેગરને દબોચી લઈ જેલના સળિયા પાછળ ધકેલી દીધો હતો. માલપુર પોલીસ સ્ટેશનના પીએસઆઈ એન.એમ.સોલંકી અને તેમની ટીમે સોમપુર ત્રણ રસ્તા પારથી બાતમીના આધારે ડસ્ટન કાર (ગાડી.નં -જ્ઞ્ ૨૭ છૐ ૭૮૨૮)ને અટકાવી તલાસી લેતા કારમાંથી વિદેશી દારૂની બોટલ નંગ-૩૪ કી.રૂ.૩૫૦૦૦/- નો જથ્થો ઝડપી પાડી કિરણ પ્રવીણભાઈ પટેલ (રહે,સુવિધા કોમ્પ્લેક્ષ, આઈટીઆઈ સામે ,મોડાસા,મૂળ રહે,સોની કંપા,ધનસુરા) ને ઝડપી પાડી કારની કીં.રૂ.૩૦૦૦૦૦/- મળી કુલ રૂ.૩૩૫૦૦૦/- નો મુદ્દામાલ જપ્ત કરી કિરણ પ્રવીણભાઈ પટેલ અને ડસ્ટન કારમાં વિદેશી દારૂ ભરી આપનાર રાજસ્થાનના ભરત સોમા ડામોર વિરુદ્ધ પ્રોહિબિશન એક્ટ હેઠળ ગુન્હો નોંધી કિરણ પટેલન જેલના સળિયા પાછળ ધકેલી દઈ કાયદેસરની કાર્યવાહી હાથધરી હતી

મેઘરજ પીઆઈ જે.પી ભરવાડ અને તેમની ટીમ અંતરિયાળ વિસ્તારમાં રાજસ્થાન તરફથી આવતા વાહનોનું ચેકીગ હાથધરતા રાજસ્થાન તરફથી આવતી સ્વીફ્ટ ડિઝાયર કાર (ગાડી નં.-GJ 17 N 3057)ને અટકાવાનો પ્રયાસ કરતાં કાર ચાલકે કાર ઉંડવા તરફ હંકારી મુકતા પોલીસે પીછો કરતા કાર ચાલક તથા તેની સાથે રહેલો શખ્સ કાર ઉંડવા નજીક મૂકી નાસવા જતા ઈન્દરસિંગ ભેરૂસિંગ રાવ (ડાલ,સલુમ્બર,રાજસ્થાન)ને ઝડપી પાડી કારમાંથી વિદેશી દારૂની બોટલ નંગ-૫૦ કી.રૂ.૨૮૩૦૦/ તથા રોકડ રકમ , મોબાઈલ, કાર મળી કુલ રૂ.૪૩૧૭૦૦/- નો મુદ્દામાલ જપ્ત કરી પોલીસને ચકમો આપી ફરાર થઈ જનાર કારચાલક રમેશ પંડિત (રહે,શેષપુર, રાજસ્થાન) વિરુદ્ધ પ્રોહિબિશન એક્ટ હેઠળ ગુન્હો નોંધી ઝડપી પાડવા ચક્રોગતીમાન કર્યા હતા .

જીલ્લા એલસીબી પીઆઈ મનીષ વસાવા અને તેમની ટીમે અમદાવાદ -ઉદેપુર નેશનલ હાઈવે નં -૮ પર આવેલ શામળાજી આશ્રમ ચોકડી નજીકથી રાજસ્થાન તરફથી આવતી હુન્ડાઈ એલેનટ્રા કાર (ગાડી.નં-GJ 23 AN 5770) ને અટકાવી તલાસી લેતા કારમાંથી વિદેશી દારૂ બોટલ ટીન નંગ-૧૭૬ કી.રૂ.૧૧૯૬૦૦/ તથા મોબાઈલ નંગ -૨ અને કારની કી.રૂ. ૫૦૦૦૦૦/- મળી કુલ રૂ.૬૨૨૧૦૦/- નો મુદ્દામાલ જપ્ત કરી સોનુ મહેન્દ્રસિંહ રાઠોડ (રહે,ઉદેપુર,રાજસ્થાન)ને ઝડપી પાડી જેલના સળિયા પાછળ ધકેલી દઈ પ્રોહોબિશન એક્ટ હેઠળ ગુન્હો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથધરી હતી

# સરકાર દ્વારા અનલોક-૨ માં જાહેર કાર્યક્રમો અને પ્રસંગો યોજવા મંજુરી આપવા માંગ



કેશોદ:(રાજુભાઈ પંડ્યા)

કેશોદ મંડપ,લાઈટ, સાઉન્ડ, ડેકોરેશન, ફોટોગ્રાફી એશોશીએશન દ્વારા લેખિતમાં મામલતદારને આવેદનપત્ર આપી રજૂઆત કરી હતી કે કોરોના વાયરસ ફેલાતો અટકાવવા સરકાર દ્વારા જાહેર કરવામાં આવેલ લોકડાઉન માં છેલ્લા ત્રણેક મહિનાથી ધંધા રોજગાર બંધ હોવાથી હેરાનપરેશાન થઈ ગયેલા છે. મંડપ ડેકોરેશન, સાઉન્ડ સિસ્ટમ, વિડિયોગ્રાફી ફોટોગ્રાફી,લાઈટ ડેકોરેશન નાં વ્યવસાય સાથે સંકળાયેલા વેપારીઓ સાથે જોડાયેલા મજુરો કારીગરો પણ ત્રણેક મહિના જેવાં સમયથી કામ ધંધા રોજગાર વગર બેઠા છે ત્યારે સરકાર દ્વારા જાહેર કરવામાં આવેલ ગાઈડ લાઈન માં સુધારા વધારા કરી જાહેર કાર્યક્રમો અને સામાજિક પ્રાસંગિક પ્રસંગો માટે મંજુરી અનલોક-૨ માં આપવામાં આવે એવી માંગ કરી છે. કેશોદ શહેર-તાલુકા માં મંડપ ડેકોરેશન સાઉન્ડ સિસ્ટમ ફલાવર ડેકોરેશન અને ફોટોગ્રાફી વિડિયોગ્રાફી નાં વ્યવસાય સાથે સંકળાયેલા વેપારીઓ દ્વારા મામલતદાર કચેરીએ પહોંચી લેખિત રજૂઆત કરી હતી જેમાં તમામ હોદ્દેદારો અને વેપારીઓ જોડાયા હતાં. કોરોના વાયરસ નાં કારણે લાગું કરવામાં આવેલ લોકડાઉન માર્ચ મહિનામાં થી જુન મહિના સુધી અમલવારી કરવામાં આવતાં લગ્નગાળા ની સીઝન નિષ્ફળ ગયેલી છે ત્યારે આવનારાં દિવસોમાં થોડીઘણી રોજગારી મળી રહે એ માટે અનલોક-૨ માં છુટછાટ આપવા રજૂઆત કરી છે.

## અરવલ્લી કોંગ્રેસે ચીન સામે શહીદ થયેલા

# વીર જવાનોને શ્રદ્ધાંજલિ અર્પી, બેનરો સાથે ચીનને પાઠ ભણાવવા માંગ



મહેન્દ્ર પટેલ અરવલ્લી બ્યુરો મોડાસા

હાલમાં જ ચીન સરહદે ગલવાન ઘાટી ખાતે ચીની સેનાએ ભારતની સરહદમાં ઘૂસણખોરી કરી ભૂમિ પર કબ્જો કર્યો છે. ચીની સૈનિકોનો બહાદુરીથી સામનો કરતાં કરતાં કમાન્ડર બી. સંતોષબાબુ અને ૧૬- બિહાર રેજીમેન્ટના ૨૦ જાંબાઝ જવાનો શહીદ થયા છે. આ વીર જવાનોને શ્રદ્ધાંજલિ આપવાના કાર્યક્રમમાં અરવલ્લી જીલ્લા કોંગ્રેસના આગેવાનો કાર્યકરો દ્વારા સૌ પ્રથમ બે મિનિટનું મૌન પાળવામાં આવ્યું. ત્યારબાદ મીણબત્તી પ્રગટાવી અને પુષ્પ અર્પણ કરી શહીદોને શ્રદ્ધાંજલિ આપવામાં આવી. શ્રદ્ધાંજલિ કાર્યક્રમમાં સોશ્યલ ડિસ્ટન્સનો અભાવ જોવા મળ્યો હતો

મોડાસા શહેરમાં યોજાયેલ શ્રદ્ધાંજલિ કાર્યક્રમ પછી કોંગ્રેસના ધારાસભ્યો, અગ્રણીઓ અને કાર્યકરોએ ચીને કરેલ હુમલાને વખોડી કાઢ્યો હતો ભારત દેશના સત્તા પર બેઠેલા ભારતીય જનતા પાર્ટીના શાસકો સાથે હોવાની અને ઇટનો જવાબ પથ્થરથી આપી આપણા દેશની સંપ્રભુતા અને એકતા તેમજ આપણી તાકાતનો પરચો બતાવવો જોઈએ. આપણી એક ઇંચ પણ જમીન વિદેશી પાસે ન જાય તેની કાળજી લેવી જોઈએ. જ્યારે જ્યારે આ પ્રકારની કોઈપણ કૃત્ય ભૂતકાળમાં કોંગ્રેસ સરકારમાં કરવામાં આવ્યું હતું ત્યારે કોંગ્રેસ સરકાર દ્વારા ઇટનો જવાબ પથ્થરથી આપ્યો હોવાનું જણાવ્યું હતું

બે સપ્તાહ પહેલા ભારત ચીન સરહદ પર ભારતીય સૈનિકો અને ચીનની સેના વચ્ચે ઘર્ષણ થયું હતું. ચીનના સૈનિકોની દગાખોરીથી ભારતીય સેનાના ૨૦ જવાનો શહીદ થયા હતા. સેનાના જવાનોને દેશભરમાંથી શ્રદ્ધાંજલિ અપાઈ રહી છે ત્યારે મોડાસા શહેરના ચાર રસ્તા ખાતે આમ આદમી પાર્ટીએ શ્રદ્ધાંજલિ આપી હતી અને સરકાર વિરુદ્ધ સૂત્રોચ્ચાર કર્યા હતા તેમજ જીલ્લા કલેક્ટટરને આવેદનપત્ર આપી સ્કૂલ-કોલેજ ની ફી, વીજબીલ, વેરા માફી અને પેટ્રોલ-ડીઝલ નો ભાવ વધારો પરત ખેંચવા માંગ કરી હતી

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.